Friday 25, September 2026
Page : 08   Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99    Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં માર્ગ સુરક્ષા જાગૃતિ માટે બાઈક રેલી યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા પોલીસ અને વાપી શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે માર્ગ સુરક્ષા જાગૃતિ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીના માધ્યમથી વાહનચાલકો અને નાગરિકોને માર્ગ સુરક્ષા અંગે જાગૃત કરી ફરજિયાત હેલ્મેટ પહેરવા તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

બાઈક રેલીમાં વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી વિરાજભાઈ દક્ષિણી, સંગઠન ખજાનચી દેવેન્દ્રભાઈ પટેલ, સંગઠન ઉપપ્રમુખ નમીષ સિંહ, સંગઠન મંત્રી સંતોષભાઈ હળપતિ, ચૂંટાયેલા સભ્ય વિપુલભાઈ પટેલ, તેજસભાઈ વશી સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ જોડાયા હતા. આ ઉપરાંત વાપી વિભાગના ડીવાયએસપી બી. એન. દવે, ટ્રાફિક પી.આઈ. કાનાણી, જીઆઈડીસી પીઆઈ સિદ્ધાર્થ ગોહિલ સહિત ટ્રાફિક પોલીસ અને પોલીસ વિભાગના જવાનો પણ રેલીમાં સહભાગી બન્યા હતા.

રેલી દરમિયાન માર્ગ સલામતીના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

'હેલ્મેટ પહેરો, ટ્રાફિક નિયમોનું પાલન કરો અને સુરક્ષિત રહો' જેવા સંદેશ સાથે નાગરિકોને માર્ગ સુરક્ષાને પોતાની જવાબદારી તરીકે સ્વીકારવા અપીલ કરવામાં આવી હતી.

## દમણમાં સ્ત્રીઓમાં કેન્સરના નિદાન માટે સ્ક્રીનીંગ ઝુંબેશ



### પ્રથમ દિવસે ૬૦ મહિલાઓનું સ્તન કેન્સર સ્ક્રીનીંગ કરવામાં આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૪ :** વોર્ડ કાઉન્સિલર તમન્ના મીઠાણીએ મહિલાઓમાં કેન્સરનું વહેલું નિદાન અને સમયસર સારવારને પ્રોત્સાહન આપવા માટે ત્રણ દિવસીય ખાસ આરોગ્ય તપાસ અભિયાન શરૂ કર્યું હતું. અભિયાનના પહેલા દિવસે, આશરે ૬૦ મહિલાઓએ સ્તન કેન્સરની તપાસ કરાવી હતી. ખારીવાડ વેલ્ફેર મલ્ટીપલ સોસાયટીની મહિલાઓએ પણ આ ઝુંબેશમાં ભાગ લીધો હતો. નમો હોસ્પિટલ, ભાવના ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી, મહિલાઓ માટે મફત આરોગ્ય તપાસ કરાવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન, સ્તન કેન્સર, સર્વાઈકલ કેન્સર અને મૌખિક કેન્સર સહિત અન્ય સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ માટે સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવી રહી છે. આયોજકો કહે છે કે કેન્સરનું વહેલું નિદાન થવાથી સમયસર સારવાર શક્ય બને છે, જેનાથી રોગ ગંભીર બને તે પહેલાં જરૂરી તબીબી સહાય પૂરી પાડી શકાય છે. તમન્ના મીઠાનીએ જણાવ્યું હતું કે આ ઝુંબેશ ફક્ત ત્રણ દિવસ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ ભવિષ્યમાં પણ આવા જ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. તેમણે મહિલાઓને નિયમિત આરોગ્ય તપાસનું સમયપત્રક બનાવવા અને કોઈપણ લક્ષણોને અવગણવા નહીં તે માટે વિનંતી કરી હતી.

## ડાંગમાં અત્યારસુધીનું સૌથી મોટું ગાંજાનું વાવેતર ઝડપાયું

### વઘઈ તાલુકાના બરડામાં આરોપીએ વાડામાં મકાઈ, ભીંડા, કાકડી તેમજ ખરસાટાના છોડની વચ્ચે ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર કર્યું હતું : રૂા. ૧૫.૪૮ લાખની કિંમતનો ૩૦.૯૭ કિલો ગાંજો જપ્ત કરાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૪ :** રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લાની પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ગાંજાનો સૌથી મોટો કેસ શોધી કાઢી એક આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

સુરત રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઈન સાઉથ ગુજરાત' અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ડાંગ પોલીસને એક મોટી સફળતા મળી છે. ડાંગ Local Crime Branch (LCB) નાં પી.એસ.આઈ.જે.જી.અનડકટની ટીમ અને વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.એ.એ.ચાવડાની ટીમ દ્વારા હાથ ધરાયેલી સંયુક્ત કાર્યવાહીમાં ડાંગ જિલ્લામાં અત્યાર સુધીના સૌથી મોટી રકમના ગાંજાના વાવેતરનો કેસ શોધી કાઢવામાં આવ્યો છે.મળેલી ચોક્કસ બાતમીના આધારે વઘઈ તાલુકાનાં બરડા ગામે રહેતા ૪૦ વર્ષીય હરીભાઈ રડકેભાઈ રાઠોડના ઘરના પાછળના વાડામાં ડાંગ પોલીસે દરોડો પાડ્યો હતો.

આરોપીએ કોઈને શંકા ન જાય તે રીતે પોતાના વાડામાં મકાઈ, ભીંડા, કાકડી તેમજ ખરસાટાના છોડની વચ્ચે ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર કર્યું હતુ.

દરોડા દરમિયાન પોલીસે ૩ ફૂટથી લઈને ૧૩ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતા નાના-મોટા કુલ ૭ જેટલા ગાંજાના છોડ જપ્ત કર્યા છે. પોલીસ તપાસમાં જપ્ત કરવામાં આવેલા ગાંજાના લીલા છોડનું કુલ વજન ૩૦.૯૭ કિલોગ્રામ નોંધાયું છે, જેની અંદાજિત કિંમત રૂા. ૧૫,૪૮,૫૦૦ થવા જાય છે.ડાંગ LCBનાં PSI જે. જી. અનડકટ અને વઘઈ PI એ. એ. ચાવડાની ટીમ દ્વારા આરોપી હરીભાઈ રાઠોડની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરવામાં આવી છે.

હાલમાં વઘઈ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુદ્ધ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## આજે વાપીમાં ગણેશજીની દબદબાભેર વિસર્જનયાત્રા

### ૫૦થી વધુ શ્રીજી પ્રતિમાની વિસર્જન યાત્રા નીકળશે, પોલીસ એલર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** દસ દિવસના ભક્તિભાવભર્યા ગણેશોત્સવના સમાપન નિમિત્તે આજે વાપી પંથકમાં ૫૦થી વધુ શ્રીજી પ્રતિમાઓની ભવ્ય વિસર્જન યાત્રા નીકળશે. વાપી ટાઉનમાં ૨૫, જીઆઈડીસીમાં ૧૮ અને ડુંગરા વિસ્તારમાં તમામ મોટી પ્રતિમાઓનું દમણ દરિયામાં વિસર્જન કરવામાં આવશે.

સવારથી જ મંડપોમાં પૂજા-અર્ચના અને આરતીનો માહોલ જોવા મળશે. બપોર બાદ એક પછી એક વિસર્જન યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. 'ગણપતિ બાપા મોરિયા, અગલે બરસ તુ જલ્દી આ' ના નાદ સાથે ભક્તો શ્રીજીને ભારે હૈયે વિદાય આપશે. ઢોલ-નગારા, ડીજે અને લેઝિમના તાલે યુવાનો ઝૂમશે.

વિસર્જનને લઈને પોલીસ તંત્ર એલર્ટ મોડ પર છે. વાપી ટાઉન, જીઆઈડીસી અને ડુંગરા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારાયું છે. ટ્રાફિક વ્યવસ્થા જાળવવા મુખ્ય ચોકડીઓ પર પોલીસ જવાનો તૈનાત રહેશે. દમણ દરિયા કિનારે પણ ક્રેન અને લાઈફગાર્ડની વ્યવસ્થા સાથે તંત્ર સજ્જ છે.

## વાપી મનપા અને જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** વલસાડ જિલ્લાકક્ષા અને વાપી મહાનગરપાલિકા કક્ષા નવરાત્રી ગરબા રાસ સ્પર્ધા પ્રાચીન/અર્વાચીન તથા રાસ સ્પર્ધા ઓકટોબર માસના પ્રથમ અઠવાડિયામાં યોજાશે. જેમાં પ્રાચીન તથા અર્વાચીન ગરબા સ્પર્ધામાં ૧૪ થી ૩૫ વર્ષના બહેનો ભાગ લઈ શકશે. જયારે રાસની સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનો બન્ને ભાગ લઈ શકશે જેમાં ભાગ લેનારની વય ૧૪ થી ૪૦ વર્ષ સુધીની રહેશે. પ્રાચીન / અર્વાચીન ગરબા તથા રાસનો સમય ૬ થી ૧૦ મિનિટનો રહેશે. પ્રાચીન / અર્વાચીન ગરબા તથા રાસમાં ભાગ લેનાર વ્યક્તિઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે અને સાથે સહાયક ૦૪ વ્યક્તિ રાખી શકાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતી શૈક્ષણિક સંસ્થાઓ તથા કલા મંડળોએ નિયત નમૂનાનું ફોર્મ આધારકાર્ડની નકલ સામેલ રાખી તા.૨૯-૦૯-૨૦૨૬ સુધીમાં કામકાજના દિવસો તથા કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૦૬,જૂની બી.એસ.એન.એલ કચેરી, પહેલા માળે, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડ ખાતે રૂબરૂ જમા કરાવવાનું રહેશે. સમય મર્યાદા બાદ આવનાર ફોર્મ તથા અધુરી વિગતોવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.

## કચીગામ રોડ પર દાગીના ઉતરાવી જવાની કોશીશ નિષ્ફળ

### વૃદ્ધ મહિલાઓને ટાર્ગેટ કરતી ટોળકીથી વાપી પંથકમાં ભયનો માહોલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપી શહેરમાં વૃદ્ધ મહિલાઓને ટાર્ગેટ કરી સોનાના દાગીના પડાવી લેવાની ઘટનાઓને પગલે મહિલાઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

બાઈક પર આવતા અજાણ્યા શખ્સો પોલીસની ઓળખ આપવાના બહાને અથવા રસ્તા પર મહિલાઓને વાતોમાં ભોળવી દાગીના ઉતરાવી લેવાની મોડસ ઓપરેન્ડી અપનાવતા હોવાની ફરિયાદો સામે આવી રહી છે.

બુધવારે સવારે આશરે ૧૦ વાગ્યે કચીગામ સ્થિત સિદ્ધિ વિનાયક સોસાયટી સામેની ગલી માંથી પસાર થતી એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલા તેમના પરિચિતના ઘરે જઈ રહી હતી.

તે દરમિયાન બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમની બાજુમાં બાઈક ઉભી રાખી 'આંટી નમસ્તે' કહી વાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

મહિલાએ કોઈ જવાબ ન આપતાં શખ્સોએ જબરદસ્તી રસ્તો રોકી તેમની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન મહિલાના શરીર પરના સોનાના દાગીના પર નજર પડતાં આ મહિલા એ બૂમાબૂમ કરતા તાત્કાલિક અહીં રસ્તે ચાલતા લોકો અને કેટલાક યુવાનો ત્યાં આવી પહોંચતાં બંને શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતા.

મહિલાના જણાવ્યા મુજબ, થોડા દિવસ અગાઉ તેમની પરિચિત મહિલાને પણ અજાણ્યા શખ્સોએ આ જ પ્રકારની રીતે રોકી સોનાના દાગીના પડાવી લીધા હતા.

જેથી આ ઘટનામાં પણ મહિલાને પૂર્વનિયોજિત રીતે ટાર્ગેટ કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.


## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com


## અકસ્માત અને ઈમરજન્સી સમયે સેલવાસ પર નિર્ભર રહેવાની સમસ્યાનો કાયમી અંત

## કપરાડા-ટુકવાડા પીએચસીને માત્ર ૨૪ કલાકમાં જ ૧૦૮ની ફાળવણી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૨૪ :** કપરાડા તાલુકાના અંતરીયાળ વિસ્તાર ના ટુકવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે '૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ' સેવા શરૂ થતાં સ્થાનિક રહીશોમાં રાહત અને આનંદની લાગણી પ્રસરી છે, ટુકવાડા પી.એચ.સી. ખાતે અકસ્માત અને મેડિકલ ઈમરજન્સીની પરિસ્થિતિમાં દર્દીઓને ઝડપી સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સની તાતી જરૂરિયાત રહેતી હતી. આ સુવિધાના અભાવે ગંભીર કિસ્સાઓમાં છેક સેલવાસથી એમ્બ્યુલન્સ બોલાવવી પડતી હતી, જેના કારણે સમયનો વ્યય થતો અને દર્દીઓનું જીવન જોખમમાં મુકાતું હતું તાજેતરમાં વલસાડ લોકસભાના સાંસદ ધવલભાઈ પટેલના કપરાડા પ્રવાસ દરમિયાન સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોએ આ ગંભીર સમસ્યા અંગે તેમનું ધ્યાન દોર્યું હતું.

### સ્થાનિક નાગરિકોએ સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનો આભાર માન્યો

પ્રજાના પ્રશ્નોને હમેશાં પ્રાથમિકતા આપતા સાંસદએ સ્થળ પરથી જ વલસાડ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સાથે ટેલિફોનિક વાતચીત કરી ટુકવાડા માટે તાત્કાલિક એમ્બ્યુલન્સ ફાળવવા કડક સૂચના આપી હતી,સાંસદની અસરકારક રજૂઆત અને વહીવટી તંત્રની ત્વરિત કામગીરીના પરિણામે આરોગ્ય વિભાગ દ્વારા માત્ર ૨૪ કલાકની અંદર ટુકવાડા પી.એચ.સી. માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મંજૂર કરી કાર્યરત કરી દેવામાં આવી છે.

લોકપ્રશ્નનો ઝડપી નિકાલ લાવવા બદલ ટુકવાડા અને આસપાસના ગ્રામજનોએ સાંસદ ધવલભાઈ પટેલ તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## જિલ્લાના ખાનગી શાળા સંચાલકોનું પડતર પ્રશ્ને કલેક્ટરને આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** સમગ્ર ગુજરાતમાં કાર્યરત ૧૭,૦૦૦થી વધુ ખાનગી શાળાઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા વલસાડ જિલ્લા ની શાળા સંચાલક મહામંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ મુખ્ય ૪ માગણીઓ રજૂ કરવામાં આવી છે. સંચાલકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ નહીં આવે, તો સર્વાનુમતે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તેમજ શૈક્ષણિક કાર્ય અટકાવવાની ફરજ પડશે. રાજ્યના શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર શાળાઓનો ફાળો ૬૦ટકા કરતાં વધુ છે, જેમાં આશરે ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ૭ લાખથી વધુ શિક્ષકો-કર્મચારીઓ સેવા આપી રહ્યા છે. તેમ છતાં શિક્ષણ વિભાગ સમક્ષ કરાયેલી વારંવારની રજૂઆતોનું કોઈ સ્થાયી પરિણામ ન મળતાં આ આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે.




FRC પ્રક્રિયાનું સરળીકરણ : દર ત્રણ વર્ષે ઓડિટ રિપોર્ટના આધારે ફી નક્કી થાય છે. જે શાળાઓ મંજૂર થયેલી ફીમાં વાર્ષિક ૧૦ ટકા કે તેથી ઓછો વધારો કરતી હોય, તેમને દરખાસ્ત કે સોગંદનામાની પ્રક્રિયામાંથી મુક્તિ આપી સીધી મંજૂરી આપવામાં આવે. આનાથી ૯૦ ટકા શાળાઓ FRC કાર્યવાહીથી મુક્ત થશે અને કચેરીનું ભારણ ઘટશે વર્ષ ૨૦૧૭થી RTE પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦,૦૦૦ ચૂકવાય છે. હાઈકોર્ટના નિર્દેશ અનુસાર સરકાર દ્વારા FRC મંજૂર થયેલ ફી અથવા વિસ્તારની શાળાના વિદ્યાર્થી દીઠ ખર્ચ ચૂકવવાનો હોય છે, જેનું કડક પાલન કરી તાકીદે બાકી રકમ ચૂકવવામાં આવે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક ૨૦૨૬ માં કર્મચારીઓની નિમણૂક કે છૂટા કરવા માટે મંજૂરી લેવાની જોગવાઈ અયોગ્ય છે. ખાનગી શાળાઓ કોઈ ગ્રાન્ટ કે સહાય લેતી ન હોવાથી કર્મચારી સંબંધી સત્તા શાળા પાસે જ રહેવી જોઈએ અને વિધેયકની ક્ષતિ સુધારવી જોઈએ. રોજબરોજના ગવર્નન્સ ડિસ્ટર્બન્સમાંથી મુક્તિ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર તમામ શાળાઓ માટે એકસરખા પરિપત્રો જાહેર કરવાને બદલે ખાનગી શાળાઓ માટે અલગ સ્પષ્ટ પરિપત્રો કરવામાં આવે. વારંવાર માહિતી મંગાવવાને બદલે એક કોમન પોર્ટલ તૈયાર થાય, જેથી વહીવટી સરળતા રહે. આ આવેદનપત્રમાં મહામંડળના અધ્યક્ષ ભરતભાઈ ગાજીપરા, પ્રમુખ જતીનભાઈ ભરાડ, મહામંત્રી મનહરભાઈ રાઠોડ અને ઉપાધ્યક્ષ અવિનાશભાઈ પટેલે સત્વરે સકારાત્મક ઉકેલ લાવવા માંગ કરી છે.


CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

## નવસારીમાં જનઆંદોલન માર્ગ સલામતી રેલી યોજાઈ



**બીલીમોરા, તા. ૨૪ :** નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે સેવા સંકલ્પ અભિયાન સેવા મેરા યોગદાન અંતર્ગત ગુરુવારે ભવ્ય માર્ગ સલામતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોમાં ટ્રાફિક નિયમોના પાલન અને રોડ સેફટી પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા શુભ આશય સાથે યોજાયેલી રેલીમાં શહેરભરમાંથી વ્યાપક ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નાગરિકોને પોતાના સુરક્ષિત ભવિષ્ય માટે ટ્રાફિક નિયમોનું ચુસ્ત પાલન કરવા અનુરોધ કર્યો હતો. નવસારી જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ, શીતલબેન સોની, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક તેમજ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈએ ઉપસ્થિત રહી રેલીને પ્રોત્સાહિત કરી હતી. વહીવટી અને પોલીસ તંત્ર તરફથી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાણી, નગરપાલિકા કમિ'ર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધીક્ષક રાહુલ પટેલ તથા નવસારી આરટીઓ આકાશ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.રેલી દરમિયાન હેલ્મેટનો ઉપયોગ, સીટબેલ્ટ બાંધવો, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ટાળવો અને નિયત ગતિમર્યાદામાં વાહન હંકારવા જેવા માર્ગ સલામતીના મહત્વપૂર્ણ નિયમો અંગે પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર દ્વારા નગરજનોને -રિત કરવામાં આવ્યા હતા.

## વાંસદામાં મહેસૂલી તલાટીઓનું ગામ વાઈઝ નવું સમયપત્રક જાહેર કરાયું

**નવસારી, તા.૨૪ :** મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ વાંસદાની કચેરી હેઠળ નવા નીમાયેલા ૭ મહેસૂલી તલાટીઓ (વર્ગ-૩) માટે સરકારશ્રીના નવા જોબચાર્ટ અનુસાર ગામ વાઈઝ હાજરીનું નવું સમયપત્રક નિયત કરવામાં આવ્યું છે.

તાલુકાના તમામ સેજાના ગ્રામજનોને મહેસૂલી કામગીરીમાં કોઈ અગવડ ન પડે તે અર્થે સવારે ૧૦:૩૦ થી ૧૪ અને બપોરે ૧૫ થી ૧૮:૧૦ દરમિયાન તલાટીઓની બેઠક વ્યવસ્થા અલગ અલગ દિવસે અલગ ગ્રામ પંચાયતોમાં ગોઠવવામાં આવી છે. જે અંતર્ગત સરા સેજા માટે સચિનકુમાર એસ. કોંકણી (મો. ૭૮૭૪૪ ૦૬૧૩૯), ભીનાર માટે રીયાબેન વી. પટેલ (મો. ૯૫૭૪૬ ૭૦૮૪૯), મહુવાસ માટે મનાલીકુમારી ડી. પટેલ (મો. ૬૩૫૪૦ ૮૫૬૧૦), હનુમાનબારી સેજા (મુખ્ય મથક વાંસદા) માટે મેઘાવી એસ. પટેલ (મો. ૯૪૨૯૬ ૩૬૫૨૧), કણધા સેજા (મુખ્ય મથક વાંસદા) માટે રાજેન્દ્રકુમાર જી. પટેલ (મો. ૯૧૦૬૭ ૨૩૧૮૫), ઉપસળ સેજા (મુખ્ય મથક વાંસદા) માટે અર્ચિતકુમાર એ. પટેલ તેમજ કંડોલપાડા સેજા (મુખ્ય મથક વાંદરવેલા) માટે કમલકુમાર એન. પટેલ (મો. ૯૦૫૪૬ ૭૫૭૬૯) ની ફાળવણી કરવામાં આવી છે. આ મુજબ લાગુ પડતા ગામોને કામકાજ અર્થે પોતાના મુખ્ય મથકમાં તલાટીઓનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. નાગરિકોની સરળતા માટે વાંસદા મામલતદાર દ્વારા એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આહવામાં જિલ્લા કક્ષાનો 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ- ૨૦૨૬' યોજાયો



**આહવા, તા.૨૪ :** દર વર્ષની જેમ, ગુજકોસ્ટ એ નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ (NSDF) ૨૦૨૬-૨૭ નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાટ્ય માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવો, વૈજ્ઞાનિક વિચારસરણીને -ોત્સાહન આપવું તેમજ સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવાનો છે.

જેના ભાગ રુપે ડાંગ જિલ્લામાં પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર-ડાંગ દ્વારા ડાંગ જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૨૬-૨૭ નું આયોજન તા. ૨૪/૦૯/૨૦૨૬ ના ગુરુવાર ના રોજ સવારે ૧૦ ક્લાકે થી આહવા ખાતે કરવામાં આવેલ હતો. જેમાં ડાંગ જિલ્લાની પ્રાથમિક તથા માધ્યમિક વિભાગમાથી ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો. ઉપરોક્ત કાર્યક્રમ પ્રયોશા પ્રતિષ્ઠાન ના સર્વેસર્વા પ. પૂ. પી. પી. સ્વામીજીએ ખાસ ઉપસ્થિતી દર્જ કરી કાર્યક્રમમાં સહભાગી વિદ્યાર્થીઓને આશિર્વચન આપી પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

કાર્યક્રમમાં દિપપ્રાગટ્ય કર્યા પછી વિદ્યાર્થીઓ દ્વારા નાટકો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે માધ્યમિક શાળા, લિંગા, દ્વિતિય ક્રમે સેંટ થોમસ ઇંગ્લિશ મિડિયમ સ્કુલ, ઝાવડા અને તૃતીય ક્રમે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, પિંપ્રી ની ટીમો વિજેતા થઇ હતી. વિજેતા ટીમોને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અને સહભાગી શાળાઓની ટીમોને સહભાગી પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. નિર્ણાયક પદે રહી કેતનભાઇ ટાંક, કેયુરભાઇ અંજારીયા અને કિશોરભાઇ ડોડીયા દ્વારા નિશ્પક્ષ નિર્ણય આપી મહત્વની ભૂમિકા પાર પાડવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમકનું સંચાલન માધ્યમિક શાળા, લિંગા ના મા. સરજુ ભગતજી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કો-ઓર્ડીનેટર રતિલાલભાઇ સૂર્યવંશી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, નિર્ણાયકો અને સહભાગી શાળાઓનું આભાર માનવામાં આવ્યો હતો.

## ડાંગનાં મહાલમાં વરસાદી ધોવાણથી રસ્તાની સંરક્ષણ દીવાલમાં ગાબડું



**સાપુતારા, તા.૨૪ :** ડાંગ જિલ્લાનાં ગાઢ જંગલ વિસ્તાર તરીકે જાણીતા મહાલ ગામમાં ચોમાસા દરમિયાન માર્ગોની જાળવણીના અભાવે ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે. મહાલ ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા ફળિયાને જોડતા માર્ગ પર ભારે વરસાદના કારણે માર્ગની સાઈડમાં વ્યાપક ધોવાણ થતા સંરક્ષણ દીવાલમાં ગાબડું પડી ગયુ છે. જેના પગલે માર્ગ સાંકડો બનતા વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભુ થયુ છે.મહાલનો ઘટાદાર જંગલ વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓમાં જાણીતો છે.અહી વન વિભાગનું રેસ્ટ હાઉસ તેમજ ઈકો કેમ્પ સાઈટ પણ આવેલી હોવાથી સમયાંતરે પ્રવાસીઓની અવરજવર રહે છે.બીજી તરફ ગામના આંતરિક માર્ગોની યોગ્ય મરામત અને જાળવણીના અભાવે સ્થાનિક લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. મહાલ ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા ફળિયા તરફ જતા માર્ગની સાઈડમાં ચોમાસાના ભારે વરસાદથી ધોવાણ થયું છે. ધોવાણના કારણે સંરક્ષણ દીવાલનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગાબડું પડ્યુ છે.માર્ગની બાજુમાં જ ઊંડી જગ્યા સર્જાઈ હોવાથી ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકોને ગાબડાનો યોગ્ય અંદાજ ન આવે તો વાહન તેમાં ખાબકી જવાની ભીતિ છે.વધુ ગંભીર બાબત એ છે કે સંરક્ષણ દીવાલની નીચે પૂર્ણા નદીનો પ્રવાહ વહે છે. આવી સ્થિતિમાં કોઈ વાહનચાલકનું સંતુલન ખોરવાય અને વાહન માર્ગ પરથી નીચે ખાબકે તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ચોમાસામાં ધોવાણ વધુ વધે તો માર્ગની સ્થિતિ પણ વધુ જોખમી બની શકે છે.

## નવસારી જિલ્લા રજિસ્ટ્રાર કચેરી અને સહકારી સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ યોજાયો

**નવસારી, તા.૨૪ :** તા. ૧૭મી સપ્ટેમ્બર થી તા. ૧૭મી ઓક્ટોબર સુધી આયોજિત થનારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી દ્વારા સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અને વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૩મી સપ્ટેમ્બરના રોજ જિલ્લાની તમામ તાલુકા કક્ષાએ ધાર્મિક તથા જાહેર સ્થળોની સફાઈ સાથે પ્રાથમિક મંડળીઓ અને તમામ સંસ્થાઓના કેમ્પસમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ કાર્યક્રમમાં ગણદેવી સહકારી ખંડ ઉદ્યોગ મંડળ (શ્રી જલારામ બાપા મંદિર અને કેમ્પસ), વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (ચીખલી), બાગાયત સહકારી મંડળી (નવસારી-જલાલપોર), ગણદેવી, વાંસદા અને નવસારી તાલુકા ખરીદ-વેચાણ સંઘ તેમજ નવસારી, બીલીમોરા, ચીખલી અને વાંસદા એપીએમસી (ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ) દ્વારા પોતાના કમ્પાઉન્ડમાં સ્વચ્છતા ઝુંબેશ, વૃક્ષારોપણ અને જતનની કામગીરી કરવામાં આવી હતી.

આ અભિયાન દરમિયાન જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શ્રમદાન આપી કચેરીમાંથી ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા એ જ સેવાના મંત્રને ચરિતાર્થ કરવા તેમજ પ્રકૃતિના રક્ષણ અર્થે સહકારી સભાસદો અને આમ જનતા વ્યાપક પ્રમાણમાં આ અભિયાનમાં જોડાય તે માટે સહકારી સંસ્થાઓ અને તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ડ્રેગનફ્રૂટ પાક અંગે પરિસંવાદ યોજાયો



**નવસારી, તા.૨૪ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી અને નાયબ બાગાયત નિયામક, બાગાયત ખાતા નવસારીના સંયુક્ત ઉપક્રમે કમલમ (ડ્રેગનફ્રૂટ) પાક અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. આર. એમ. નાયક, સંશોધન નિયામક ડો. ટી. આર. અહલાવત, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ. આર. શર્મા, સંયુક્ત બાગાયત નિયામક દિનેશ પડાલિયા, વિદ્યાર્થી કલ્યાણ નિયામક પ્રો. જે. આર. નાયક તથા અસ્પી બાગાયત કોલેજના ડીન ડો. અલકા સિંઘ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિએ કમલમ્ પાકમાં ખેડૂતોને વધુ વળતર મળી રહે તે માટેની તકો તથા સંશોધન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ કમલમનું મહત્વ, ગુજરાતમાં વધતા વાવેતર વિસ્તાર અને ભવિષ્યની સંભાવનાઓ અંગે માહિતી આપી હતી.

પરિસંવાદ દરમિયાન કમલમ્‌ની વિવિધ જાતો, કમલમમાંથી તૈયાર થતી મૂલ્યવર્ધિત બનાવટો તેમજ ખેડૂતો દ્વારા ઉત્પાદિત કમલમ ફળનું પ્રદર્શન યોજાયું હતું. બજારમાં કમલમના ફળનો ભરાવો થાય ત્યારે વિવિધ મૂલ્યવર્ધિત બનાવટો તૈયાર કરી શકાય તે અંગે પણ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાગાયત વિભાગ દ્વારા કમલમ પાક સંબંધિત યોજનાઓ તથા કોલ્ડ સ્ટોરેજ અંગેની માહિતી પણ આપવામાં આવી હતી.

ટેકનિકલ સેશનમાં ડો. બી. એમ. ટંડેલ દ્વારા કમલમ ફળની ખેતી, ડો. જીલેન માયાણી દ્વારા કમલમનું મૂલ્યવર્ધન તથા ડો. પુષ્પેન્દ્ર સિંઘ દ્વારા કમલમમાં આવતા રોગ-જીવાત અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કમલમની ખેતીમાં સફળ થયેલા ખેડૂતોએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

## નવસારી જિલ્લામાં સ્વસહાય જૂથોની સક્રિય સહભાગિતા સાથે સ્વચ્છતા અભિયાન શરુ કરાયું



**નવસારી, તા.૨૪ :** સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાન અંતર્ગત જિલ્લામાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ અને જનભાગીદારી વધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાનનું આયોજન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્વચ્છ ભારત મિશન શાખા દ્વારા 'જય ગણેશ સંસ્થાન' તથા ગામના અન્ય સ્વસહાય જૂથો (SHG)ના વિશેષ સહયોગથી કરવામાં આવ્યું હતું.આ અભિયાનમાં વિવિધ NGO અને સ્થાનિક સ્વસહાય જૂથો દ્વારા સક્રિય સહભાગિતા નોંધાવી સ્વચ્છતા ઝુંબેશને વધુ વેગ આપવામાં આવ્યો હતો. અભિયાન દરમિયાન ગ્રામજનોમાં સ્વચ્છતા જાળવણી, કચરાનું સ્રોત પર જ વિભાજન, ભીનો અને સુકો કચરો અલગ કરવો તથા તેના યોગ્ય નિકાલ અંગે સઘન જનજાગૃતિ લાવવામાં આવી હતી. આ ઉપરાંત, સફાઈ કામગીરી અને કચરા એકત્રિકરણ સહિતની વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં NGO અને SHGના કાર્યકરોએ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો.

સ્વચ્છતાને દૈનિક જીવનશૈલી તરીકે અપનાવવાના હેતુસર સ્થાનિક રમતગમત તથા 'શૂન્ય-કચરા રમતગમત સ્પર્ધાઓ' યોજીને રમતોની સાથે સ્વચ્છતાનો અનન્ય સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે ગામોમાં અને શાળાઓમાં 'સ્વચ્છ સેલ્ફી પોઈન્ટ' ઊભા કરવામાં આવ્યા હતા, જેણે યુવાનોને સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાવા માટે ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર આયોજન દ્વારા સ્વચ્છતા સૌની જવાબદારીનો સંદેશ સફળતાપૂર્વક જનમાનસ સુધી પહોંચાડીને લોકભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં આવી હતી. સ્વચ્છતા માત્ર એક કાર્યક્રમ કે અભિયાન ન બની રહેતા દરેક નાગરિકની દૈનિક જીવનશૈલી બને અને સ્વચ્છ, સુંદર તથા કચરામુક્ત ગામોનું નિર્માણ થાય તે દિશામાં આ સફળ આયોજન અત્યંત મહત્વપૂર્ણ સાબિત થયું છે.

## નવસારી જિલ્લા અને મનપા કક્ષાએ નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા ૨૦૨૬-૨૭નું આયોજન

**નવસારી, તા.૨૪ :** કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, નવસારી દ્વારા સંચાલિત નવરાત્રી પ્રાચીન-અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધા ૨૦૨૬-૨૭નું જિલ્લાકક્ષા તથા મહાનગરપાલિકા કક્ષાએ અલગ-અલગ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિજેતા થનાર પ્રથમ ક્રમાંકની ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આ સ્પર્ધા અંતર્ગત રાસ વિભાગમાં ૧૪ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા ભાઈઓ અને બહેનો (જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૬ થી ૩૧/૧૨/૨૦૧૧) તથા પ્રાચીન અને અર્વાચીન ગરબા વિભાગમાં ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતી બહેનો (જન્મ તા. ૦૧/૦૧/૧૯૯૧ થી ૩૧/૧૨/૨૦૧૧) ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક શાળા, સંસ્થા, મંડળી કે કલાસીસે નિયત નમૂનાનું ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી (૧૬૦૭, કામાક્ષી, પ્રથમ માળ, સ્વપ્નલોક સોસાયટી, કાલિયાવાડી, નવસારી) ખાતેથી મેળવીને જરૂરી આધાર પુરાવા સાથે તા. ૨૮/૦૯/૨૦૨૬ના સાંજે ૬ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે.


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૫-૦૯-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** ભાદરવો, ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૩ **સૂર્યાસ્ત** ૦૬ :૨૯, **ચંદ્રોદય** - ૦૫:૪૦ **ચંદ્રાસ્ત** - ૦૫:૫૫ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - શત તારકા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જાવાન રહેશે. કાર્યસ્થળ પર તમારી મહેનત રંગ લાવશે અને ઉપરી અધિકારીઓ તમારા કામની -શંસા કરશે. પરિવાર સાથે સારો સમય વિતશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક મામલે સાવધાની રાખવી. કામમાં થોડો વિલંબ થઈ શકે છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે, પરંતુ સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ભાગદોડ વધી શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** ૯ મે નો દિવસ મિથુન રાશિના જાતકો માટે ખાસ રહેશે. આર્થિક સ્થિતિ સારી રહેશે અને અટકેલા કાર્યો પૂર્ણ થશે.

**કર્ક(ડ.હ) :** આ રાશિના જાતકોને સ્વાસ્થ્ય અંગે ચિંતા થઈ શકે છે. કાર્યસ્થળ પર વધુ જવાબદારીઓ આવી શકે છે, ગુસ્સા પર નિયંત્રણ રાખવું અને પરિવાર સાથે સમય વિતાવવાથી મન શાંત થશે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ સિંહ રાશિના જાતકો માટે સારો રહેશે. દરેક કાર્યમાં સફળતા મળશે. માન-સન્માન વધશે અને સોશિયલ મીડિયા/વેપાર ક્ષેત્રે નવી તકો મળી શકે છે. જીવનસાથી સાથે સંબંધ સુધરશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કામની જગ્યાએ નિર્ણયો સાચા સાબિત થશે. ઘરના વાતાવરણમાં સકારાત્મક ફેરફાર આવશે અને આર્થિક રીતે મજબૂત બનશો. લાંબી યાત્રા ટાળવી.

**તુલા (ર.ત.) :** નવી આર્થિક તકો મળશે. કોઈ -ભાવશાળી વ્યક્તિનું માર્ગદર્શન મળી શકે છે. -ેમ સંબંધોમાં રોમાંસ વધશે, આળસ ટાળવી અને વાણીમાં મધુરતા રાખવી.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે વાકપટુતા અને હોશિયારીથી કામ પૂર્ણ થશે. પરિવારમાં કોઈ શુભ સમાચાર મળી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બજેટ સાચવવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આ રાશિના જાતકો માટે દિવસ ઉતાર-ચઢાવ વાળો હોઈ શકે છે. કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું, -ેમ સંબંધોમાં ગુસ્સાને કારણે મુશ્કેલી આવી શકે છે. જીવનસાથી સાથે -ેમથી વાત કરો.

**મકર(જ.ખ) :** વેપારમાં નવા ભાગીદારો મળી શકે છે. સ્વાસ્થ્યમાં સુધારો થશે.

**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક લાભની તકો મજબૂત રહેશે. નવી જમીન કે મકાન ખરીદવાનો વિચાર કરી શકો છો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** કામની -શંસા થશે અને કામકાજમાં -ગતિ થશે. સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ ખાવા-પીવામાં ધ્યાન રાખવું.

## દમણ રેડિયો

आकाशवाणी

102.3 FM

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | | | | 9 | |
| | | 5 | 8 | | | | | 2 |
| | 9 | | | 6 | | | | |
| 7 | 6 | | 3 | | | | | 8 |
| | | 9 | | | | 4 | | |
| 5 | | | | | 4 | | 1 | 3 |
| | | | | 8 | | | 3 | |
| 9 | | | | | 7 | 2 | | |
| | 8 | | | | 2 | 6 | 7 | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૮૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 4 | 9 | 2 | 5 | 1 | 6 | 3 |
| 6 | 1 | 3 | 4 | 8 | 7 | 9 | 5 | 2 |
| 2 | 5 | 9 | 1 | 3 | 6 | 8 | 4 | 7 |
| 9 | 3 | 5 | 8 | 4 | 2 | 7 | 1 | 6 |
| 8 | 4 | 7 | 6 | 9 | 1 | 3 | 2 | 5 |
| 1 | 2 | 6 | 7 | 5 | 3 | 4 | 8 | 9 |
| 4 | 7 | 2 | 5 | 1 | 9 | 6 | 3 | 8 |
| 5 | 6 | 8 | 3 | 7 | 4 | 2 | 9 | 1 |
| 3 | 9 | 1 | 2 | 6 | 8 | 5 | 7 | 4 |

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## રેંટલાવમાં બાઈક સવારનું ઢોર સાથે અથડાતા સારવાર દરમ્યાન મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે, જેના કારણે વધુ એક ગંભીર અકસ્માતમાં એક નિર્દોષ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. કપરાડા તાલુકાના માતુનીયા ગામના ૨૪ વર્ષીય મનુભાઈ ભવર નામના યુવકનું મોટરસાઈકલ રખડતા ઢોર સાથે અથડાતાં ગંભીર ઈજા થવાથી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, કપરાડાના માતુનીયા ગામે રહેતો ૨૪ વર્ષીય મનુભાઈ જાનુભાઈ ભવર મજુરી કામ અર્થે પારડી અને વાપી વિસ્તારમાં આવતા હતા ૨૨ સપ્ટેમ્બરે રાત્રિના સુમારે કામ પતાવીને તે પોતાની મોટરસાઈકલ નંબર GJ-05-MV-9350 લઈને ઉદવાડા નજીક રેંટલાવ હનુમાન દાદાના મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક રસ્તા પર બેસેલા રખડતા ઢોર સાથે તેની મોટરસાઈકલ અથડાતાં મનુભાઈ બાઈક પરથી નીચે પટકાતાં તેને માથાના તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત મનુભાઈને તાત્કાલિક સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ મધ્યરાત્રિના અરસામાં યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના પિતા જાનુભાઈ ભવરની ફરિયાદના આધારે પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે રખડતા ઢોરના કારણે યુવકે જીવ ગુમાવતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિકોમાં પણ તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

## ધરમપુરના ખાંડા ગામમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ અને પોષણ માહની ઉજવણી કરાઈ



**વલસાડ, તા.૨૩ :** વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ધરમપુર તાલુકાના ખાંડા ગામમાં નિશાળ ફળિયા ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ૧૧ માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૯ મા પોષણ માહની ઉજવણી ''સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ'' થીમ પર કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ઉર્વીબેન પટેલ દ્વારા સૌને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસના મહત્વ, પોષણ અને આયુર્વેદ વિશે માહિતી આપવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે તાલુકા પંચાયત ધરમપુરના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન મણિલાલ ગાવીત, સુપરવાઈઝર આઈસીડીએસ અશ્વિનીબેન પટેલ તથા ગામના અગ્રણી આગેવાનો, સરપંચ જેસીંગભાઇ ચૌધરી, પ્રાથમિક શાળા ખાંડાના આચાર્યા હિરલબેન લાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન શકુંતલાબેન અને મણીભાઈએ ગામ લોકોને ઠંડા પીણા, પડીકા વગેરે છોડીને પોષણયુક્ત આહારવિહાર અપનાવવા માટે પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં વૈદ્ય ડો. દિવ્યા સોલંકી દ્વારા સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં આવેલા તમામ ૩૮૬ દર્દીઓનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું હતુ અને પેટના રોગો, શ્વાસની તકલીફ, શરદી-ઉધરસ, માનસિક રોગો, ડાયાબિટીસ, બી.પી., થાઈરોઈડ, ચામડીના રોગો, પથરી, સાંધાના દુઃખાવા, સ્ત્રી રોગો, બાળકોના રોગો માટે આયુર્વેદ અને હોમિયોપેથી દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ગંભીર રોગના દર્દીઓને નજીકના સરકારી આયુર્વેદ / હોમિયોપેથી દવાખાનામાં ફોલોઅપ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી તુલસી, અરડૂસી, સૂંઠ, લીમડો, ગળો જેવી ઔષધિઓમાંથી બનાવેલ હર્બલ ટી / ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વલસાડના પ્રાચીન પેશવાઈ ગણેશ મંદિરે ગણેશોત્સવ દરમિયાન ભક્તોની ભીડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૪ :** વલસાડ શહેરમાં મોટા બજાર વિસ્તારમાં ૨૨૬ વર્ષ પુરાણા મંદિરમાં પ્રસ્થાપિત ગણેશજીની મંગલમૂર્તિ ઈ.સ.૧૭૦૦માં બાજીરાવ પેશ્વા (બીજા) દ્વારા બિરાજમાન કરાઇ હોવાનો ઈતિહાસ છે. વલસાડ બીલીમોરાનો તે સમયે પેશ્વાઇ રાજ હસ્તકના રાજ્યમાં સમાવેશ થતો હતો. મોટાબજારના મંદિરમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના મહારાજા બાલાજી બાજીરાવ પેશ્વા (બીજા)એ કરી વલસાડના બ્રાહ્મણની નિમણૂંક કરી હતી.આ પછી તેમણે પૂજા અર્ચના શરૂ કરી હતી. ૧૭૦૪માં બાલાજી બાજીરાવનું નિધન થયું હતું.જેના પગલે મંદિરમાં પૂજાની જવાબદારી સ્વ.શાસ્ત્રીજી ગોસાઇ ભટ્ટને સોંપાઇ હતી.

શ્રીજીની મૂર્તિ શુધ્ધ સફેદ આરસમાંથી બનેલી પેશ્વાઇ કાળની છે જેને અલંકારોથી શણગારી પૂજા અર્ચના થાય છે.સવારે ષોડશોપચાર પૂજન બાદ આરતી અને રાત્રે ૯ વાગ્યે શયન આરતી થાય છે. નવસારી,વલસાડ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ગણેશ ભક્તો અહિં પ્રસંગોપાત દર્શનનો લ્હાવો લઇ રહ્યા છે. દર સંકટ ચતુર્થી, અંગારકી ચોથ,કેવડા ત્રીજ અને ગણોશોત્સવ દરમિયાન ગણેશજીને સુંદર ફુલોનો શણગાર કરી રંગબેરંગી ફૂલોથી શણગાર કરવામાં આવે છે ત્યારે બાપાની મૂર્તિ ના દર્શન કરવા અનેક ભક્તો આવે છે.

**આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ- ૨૦૨૬ અંતર્ગત**

## ધરમપુરના બરૂમાળ ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો




**વલસાડ, તા. ૨૪ :** આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ, વલસાડના સંયુક્ત ઉપક્રમે જિલ્લા અંદર તાલીમ કાર્યક્રમનું આયોજન તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બરુમાળ, ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના પારડી, વલસાડ, ધરમપુર, કપરાડા, નાનાપોંઢા તથા ઉમરગામ તાલુકાઓમાંથી કુલ આશરે ૬૦૦ મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન આત્મા પ્રોજેક્ટ વલસાડના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી. એન. પટેલ દ્વારા પ્રાકૃતિક કૃષિ તથા પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની પદ્ધતિઓ, તેના મહત્વ તથા ખેતરમાં પાંચ આયામોના વ્યવહારુ ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી. તદ્ઉપરાંત ધ્સ્દ અંભેટીના ડૉ. બાલુભાઈ પટેલ દ્વારા પશુપાલન વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં પશુપાલનનું મહત્વ, પશુઓની યોગ્ય સંભાળ, પોષણ તથા ખેતી સાથે પશુપાલનના સંકલન અંગે મહિલા ખેડૂતોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ, પશુપાલન તથા આધુનિક કૃષિ પદ્ધતિઓ અંગે જાગૃતિ અને જ્ઞાનમાં વધારો કરવાનો તેમજ મહિલાઓની કૃષિ ક્ષેત્રે સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલા ખેડૂતોએ તાલીમમાં સક્રિય ભાગ લઈ પ્રાકૃતિક કૃષિ અને પશુપાલન અંગેની માહિતી મેળવી હતી.



અનંતા પાટીલ, ખોડિયાર નગર, આસ્થા દર્શન, વાપી

**માર્ગ સલામતી અંગે**

## વાપી એસ.ટી. ડેપોમાં સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વાપી એસ.ટી. ડેપો ખાતે વિભાગીય નિયામક માતૃજા ના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ અંગે સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં વિભાગીય યાંત્રિક ઈજનેર સિંધી, ઈન્ચાર્જ ડેપો મેનેજર કિશોર પરમાર, જે.આર. મોટર્સના અશોકભાઈ ઠાકોર, રોડ અકસ્માત સર્વેયર અભિનવ ઠાકોર સહિત મોટી સંખ્યામાં ડ્રાઈવર, કંડકટર, મિકેનિકલ સ્ટાફ, ટ્રાફિક કન્ટ્રોલર અને ક્લાર્ક ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે અશોકભાઈ ઠાકોરે ડ્રાઈવરોને અકસ્માત નિવારણ માટે જરૂરી સાવચેતી તથા ડ્રાઈવિંગ દરમિયાન રાખવાની યોગ્ય આદતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ડ્રાઈવરોની કેટલીક આદતો કે બેદરકારી કેવી રીતે અકસ્માતનું કારણ બની શકે છે તે અંગે પણ તેમણે સમજ આપી હતી.

રોડ અકસ્માત સર્વેયર અભિનવ ઠાકોરે એસ.ટી. વિભાગમાં હાલ કાર્યરત બી.એસ.-૬ બસોની ટેકનિકલ જાળવણી અને રિપેરિંગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. બસના કયા પાર્ટમાં કઈ પ્રકારની ખામી સર્જાઈ શકે અને તેને સમયસર કેવી રીતે ઓળખી તેનું નિરાકરણ લાવી શકાય તે અંગે તેમણે ટેકનિકલ માર્ગદર્શન આપ્યું હતું.

## વટારની એસએસબીડી દેસાઈ સ્કૂલમાં ગણેશ મૂર્તિ બનાવવાની સ્પર્ધા યોજાઈ



**વાપી, તા.૨૪ :** એસ. એસ. બી. ડી. દેસાઈ હાઈસ્કૂલ, વટારમાં સર્જનાત્મક શક્તિના હેતુથી ગણેશ મૂર્તિ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને કૌશલ્યનો સુંદર ઉપયોગ કરી વિવિધ પ્રકારની આકર્ષક અને સુંદર ગણેશ મૂર્તિઓ બનાવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી મૂર્તિઓ સૌનું ધ્યાન આકર્ષિત કરતી હતી. સ્પર્ધામાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ડૉ. નિખિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાની શિક્ષિકા એશ્વર્યા પટેલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને કલાત્મક અભિવ્યક્તિનો વિકાસ થયો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ એ શુભેચ્છા પાઠવી હતી.

## વાપી શહેર ભાજપ દ્વારા સેવાકીય કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે ઉજવાઈ રહેલા સેવા પખવાડિયા અંતર્ગત વાપી શહેર ભાજપ દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે વાપી મનપાના સુલપડ ખાતે આવેલા સહયોગ હેલ્પિંગ હેન્ડ શેલ્ટર હોમ ખાતે અલ્પાહાર તથા ફળ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, ડાંગ જિલ્લા ભાજપ પ્રભારી શિલ્પેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ મહામંત્રી વિરાજ દક્ષિણી, હાર્દિકભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રવીણભાઈ પાટીલ, નમિસ સિંહ, જયેશભાઈ પટેલ સહિત મહાનગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દમણમાં ગણેશોત્સવ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૪ :** ગણેશ ઉત્સવ અને ભગવાન શ્રી ગણેશની મૂર્તિ સ્થાપનાના શુભ અવસર પર, ડાકનિવાડીમાં ખૂબ જ ધામધૂમ અને ઉત્સાહ સાથે વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, બાળકો અને યુવાનો માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ ગરબા ડ્રેસ માટે એક ખાસ સ્પર્ધા પણ યોજાઈ હતી. કાર્યક્રમના સમાપન પર, બધા વિજેતા સહભાગીઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે કાઉન્સિલર અસ્પી દમણિયા હાજર રહ્યા હતા. તેમની સાથે જલા ભાઈ, સંકેત ભાઈ, સાહિલ ભાઈ, આર્યન ભાઈ અને વિસ્તારના અન્ય અગ્રણી નાગરિકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ડાકણવાડીના ઉત્સાહી યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સાથે મળીને, તેમણે દમણ સમુદાયની પ્રગતિ અને આપણા દેશમાં શાંતિ, એકતા અને સંવાદિતા માટે પ્રાર્થના કરી.

**સેવા પખવાડિયા અંતર્ગત**

## વાપી શહેર ભાજપ દ્વારા આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૪ :** વડા-ધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ગૌરવવંતા ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વાપી શહેર ભાજપ સંગઠન દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે બુધવાર, તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ચલા CHC ખાતે આરોગ્ય તપાસ શિબિર તેમજ મહિલા આરોગ્ય અને સ્વચ્છતા જાગૃતિ કેમ્પ યોજાયો હતો.

કેમ્પ દરમિયાન ઉપસ્થિત લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમજ મહિલાઓને આરોગ્ય, વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વસ્થ જીવનશૈલી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેવાકીય પ્રવૃત્તિ થકી સમાજના વિવિધ વર્ગો સુધી આરોગ્યલક્ષી જાગૃતિ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી મહાનગરપાલિકા મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર પ્રભારી ભરતભાઈ જાધવ, ડાંગ જિલ્લા પ્રભારી શિલ્પેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ મહામંત્રી વિરાજભાઈ દક્ષિણી સહિત જિલ્લા અને શહેર સંગઠનના હોદ્દેદારો, મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સેવા પખવાડિયા અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા સેવાભાવ સાથે સહભાગી બની આરોગ્ય જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## વલસાડની જીવીડી સાર્વજનિક હાઈસ્કૂલમાં પ્રદર્શન યોજાયું



**વલસાડ, તા. ૨૪ :** વલસાડ કેળવણી સાર્વજનિક મંડળ સંચાલિત જી.વી.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ, માં મારા સપનાનું ભારત - વિકસિત ભારત ૨૦૪૭ તથા સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ સેવા અંતર્ગત. ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, તથા સાથે સાથે શાળાકક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન તથા ગ્રાહક સુરક્ષા જાગૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ના કાઉન્સેલર વિમલભાઈ ગજધર તથા જીગ્નેશભાઈ કંસારા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં તમામ વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં તથા વકતૃત્વ સ્પર્ધામા ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મા.વિભાગ ચિત્ર સ્પર્ધામાં રેહાન શેખ અને ઉ.મા વિભાગમા કીર્તન કુકણા પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં મા.વિભાગમાં જીશાન ખાન અને ઉ.માં વિભાગ માં શ્લોક એસ. પાટીલ પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા આશરે ૨૬ જેટલી સુંદર અને સર્જનાત્મક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તેમાં એન્ટી સુસાઇડલ ફેન -તૌસીર પઠાણ જ્વાળામુખીના જગતમાં - રુદ્ર પટેલ, મુકેશ ડોંગરે સહિતના વૈજ્ઞાનિક મોડેલોએ સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. તે જ રીતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ પ્રદર્શન અંતર્ગત આશરે ૧૩ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તેમાં ગ્રાહકોની ફરજ અને અધિકાર- આર્યન વિશ્વકર્મા, ધિરજસિંહ રાજપૂતના પ્રોજેક્ટે સચોટ માહિતીએ સૌને પ્રભાવિત કર્યા હતા.

શાળાના તમામ વિજેતા વિદ્યાર્થીઓને અતિથિ વિશેષ વિમલભાઈ ગજધર તથા જીગ્નેશભાઈ કંસારા તથા શાળાના આચાર્ય આર. કે. પટેલ ના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.અને ઉતરોતર વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા મંડળના પ્રમુખ વિનોદચંદ્ર એમ. દેસાઈ પાઠવી હતી.

## કરવડની કે.કે. હરિઆ શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** શ્રી કે કે હરિઆ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા કરવડમાં શાળાકીય ગણિત વિજ્ઞાન પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ૨૪ જેટલા પ્રોજેક્ટ બાલ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવી આજના આધુનિક યુગમાં પર્યાવરણની જાળવણી. સજીવ ખેતી. સોર ઉર્જાનું મહત્વ. એ આઈ અને આવતીકાલનું ભવિષ્ય. મારા સપના નું ભારત વિષય પર પ્રોજેક્ટર રજૂ કરવામાં આવ્યા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ને ખીલવવા.

એમની વ્યક્તિઓને વાચા આપવાનું કામ શાળા દ્વારા શિક્ષણની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને નાવીન્ય કાર્ય કરવાની તક મળે છે.

શાળાના ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા એમને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું શાળાકીય પ્રદર્શનમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હવે તેઓ એસ.વી.એસ કક્ષાના વિજ્ઞાન પ્રવાહ ભાગ લેશે શાળા દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ત્રણ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સહયોગથી બી.આર. સી. ભવન, ધરમપુર દ્વારા ધરમપુર તાલુકાના શિક્ષકો માટે તા. ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત ત્રણ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું- ૨૦૨૩ના અનુસંધાનમાં ગણિત શિક્ષણના નવા અભિગમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નવા પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ Figure It Out, Math Talk, Try This, Explore, Puzzles, Diagrams અને TeacherÓs Note જેવા વિવિધ વિભાગોનો વર્ગખંડમાં અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે તાલીમાર્થી શિક્ષકોને પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન ધો.૬ ના નવા ગણિત પાઠ્યપુસ્તકને અનુરૂપ વિવિધ વિષયો પર તજજ્ઞ શિક્ષકો દ્વારા માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જીગરકુમાર એમ. કેપ્ટન, ઉચ્ચતર શિક્ષણ વિદ્યામંદિર હેટી પ્રાથમિક શાળા, તિસ્કરી તલાટ દ્વારા પેટર્ન, રેખાઓ અને ખૂણા તથા સંખ્યાની રમતો વિષય પર પ્રવૃત્તિ આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હિતેશકુમાર પટેલ, ઉચ્ચતર શિક્ષણ જામલિયા પ્રાથમિક શાળા દ્વારા NCF-SE 2023 મુજબના ગણિત શિક્ષણના અભિગમ અને પેડાગોજિકલ ઘટકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કિરણ પટેલ, જામનપાડા વર્ગ શાળા દ્વારા માહિતીનું સંચાલન અને રજૂઆત, પરિમિતિ અને ક્ષેત્રફળ તથા સમમિતિ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રજ્ઞેશ ડી. રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ઉભરતા ભારત માટેની ડિજિટલ આધારિત અને સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા ૨૦૨૬-૨૭ અંગે નોંધણી પ્રક્રિયા, પરીક્ષાની રચના, સમયપત્રક, ભાસ્કર શિષ્યવૃત્તિ, સૃજન ઈન્ટર્નશિપ તથા રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત બ્રહ્માસ ટાવર, નેપિયર પટી અને સ્કવેર પઝલ જેવી પ્રવૃત્તિઓ દ્વારા ઘાતાંક, પેટર્ન, ગુણાકાર, સંખ્યાઓની ગોઠવણી, ક્ષેત્રફળ, પરિમિતિ અને તાર્કિક વિચારશક્તિ જેવા ગણિતીય ખ્યાલોને પ્રવૃત્તિ આધારિત રીતે સમજાવવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના પઝલ કોર્નરમાં વિવિધ કોયડાઓ ઉકેલી તર્કશક્તિ, અવલોકનશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરવાનો અનુભવ મેળવ્યો હતો. ત્રણ દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થી શિક્ષકોને ગણિતની વિવિધ સંકલ્પનાઓને પ્રવૃત્તિ, ચર્ચા, પ્રશ્નોત્તરી, અવલોકન અને તાર્કિક વિચારસરણીના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની વિવિધ પદ્ધતિઓ અંગે પ્ર-ાયોગિક માર્ગદર્શન મળ્યું હતું. તજજ્ઞો સહિત કુલ ૪૨ શિક્ષકોએ તાલીમમાં ભાગ લીધો હતો.

## પારડી કોલેજમાં 'ટ્રાન્સફોર્મિંગ એજુકેશન થ્રૂ એ. આઈ. એન્ડ ઇન્નોવેશન' વર્કશોપ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

પારડીની સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા એસ.ક્યુ.એ.સી. ના ઉપક્રમે ટ્રાન્સફોર્મિંગ એજુકેશન થ્રૂ એ.આઈ. એન્ડ ઇન્નોવેશન શીર્ષક હેઠળ એક વિશેષ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દિલીપકુમાર રાણા (કમિશનર, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ તથા સી.ઇ.ઓ., નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત, ગુજરાત સરકાર) ના હેઠળ અને ગવર્મેન્ટ સાયન્સ કોલેજ, પારડીના આચાર્ય ડૉ. હેતલ ટંડેલ અને એસ.ક્યુ.એ.સી કોર્ડીનેટર ડૉ. કુણાલ સેઠના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ સમગ્ર એક દિવસીય શૈક્ષણિક કાર્યક્રમમાં બે મુખ્ય સત્રો યોજાયા હતા.

સત્ર ૧માં આત્મીય યુનિવર્સિટી, રાજકોટના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સહાયક પ્રાધ્યાપક ડૉ. પ્રકાશ ગુજરાતી દ્વારા એઆઈ ફોર ટ્રાન્સફોર્મેટિવ એજ્યુકેશન ઈનોવેશન, સિમ્યુલેશન એન્ડ ઈન્ટેલિજન્ટ લર્નિંગ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સત્ર ૨ માં આત્મીય યુનિવર્સિટી, રાજકોટના સેન્ટર ફોર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટના ડિરેક્ટર ડૉ. રવિ એસ. ટંક દ્વારા ફ્રોમ ટીચિંગ ટુ ટ્રાન્સફોર્મેશન એક્સેલન્સ ઈન લર્નિંગ, ઈનોવેશન એન્ડ નાક રેડીનેસ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રમાણપત્ર વિતરણ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આયોજક અને સલાહકાર સમિતિના સહયોગથી વર્કશોપ ખૂબ જ ફળદાયી નીવડ્યો હતો.

## દમણમાં જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના શિક્ષણ વિભાગ, વહીવટ, સમગ્ર શિક્ષા અભિયાન (સમગ્ર શિક્ષા) હેઠળ જિલ્લા સ્તરીય વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૬ આજે શિક્ષા સદન, મોતી દમણ ખાતે યોજાઈ ગયું.

આ વિજ્ઞાન પ્રદર્શનનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ, સર્જનાત્મકતા, નવીનતા, સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા અને વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન આપવાનો છે. પ્રદર્શનમાં માધ્યમિક સ્તરે ચૌદ મોડેલ અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે સાત કાર્યકારી અને બિન-કાર્યકારી મોડેલ રજૂ કરવામાં આવ્યા હતા.

આ વર્ષના વિજ્ઞાન પ્રદર્શનના મુખ્ય પેટા-થીમોમાં ખોરાક, આરોગ્ય અને સ્વચ્છતા; પરિવહન અને સંદેશાવ્યવહાર; કુદરતી ખેતી; આપત્તિ વ્યવસ્થાપન; ગાણિતિક મોડેલિંગ અને ગણતરીત્મક વિચારસરણી; કચરા વ્યવસ્થાપન અને સંસાધન વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમનું માર્ગદર્શન શિક્ષણ નિયામક કુમારી મહિમા તોમર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયત, દમણના અધ્યક્ષ ધરમ ભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ખાસ મહેમાનોમાં રાજેશ હળપતિ, સહાયક શિક્ષણ નિયામક (વહીવટ); હરેન્દ્ર પાઠક, સહાયક શિક્ષણ નિયામક, જિલ્લા પંચાયત, દમણ; ડૉ. સતીશ પટેલ, સહાયક રાજ્ય પ્રોજેક્ટ નિયામક, સમગ્ર શિક્ષા; સ્મિતા થોમસ, જિલ્લા પ્રોજેક્ટ અધિકારી; અને ઈન્દ્રવદન પટેલ, આચાર્ય, DIET હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ વિજ્ઞાન મોડેલો અને નવીનતાઓનું અવલોકન કરવામાં આવ્યું.

તેમના મોડેલો દ્વારા, વિદ્યાર્થીઓએ રોજિંદા જીવનની સમસ્યાઓના વૈજ્ઞાનિક અને સર્જનાત્મક ઉકેલો રજૂ કર્યા.

ભાવિની દેસાઈ, BRCC, દમણ, એ મહેમાનો અને તમામ સહભાગીઓનું સ્વાગત અને અભિવાદન કર્યું. વિજ્ઞાન પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે તેમની પ્રતિભા, વૈજ્ઞાનિક વિચારસરણી અને નવીનતા દર્શાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થયું.

## ભાવનગર વિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન પરિસંવાદ યોજાયો




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

RSC ભાવનગર ખાતે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય વિજ્ઞાન પરિસંવાદ-૨૦૨૬ યોજાયો. કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ ડૉ. અરુપ ઘોષ, નિયામક, CSMCRI, ભાવનગરના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે ડૉ. ગિરીશ ગોસ્વામી, પ્રોજેક્ટ ડિરેક્ટર, RSC, ભાવનગર તથા ડૉ. અશ્વિન ઇટાલિયા, વૈજ્ઞાનિક અધિકારી, FSL, ભાવનગર અને હર્ષદ જોષી લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય ઊર્જા માળખું ૨૦૪૭ સંભાવનાઓ અને પડકારો વિષય પર ૧૦૩ શાળાઓના ૨૬૩ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો. આયુષ દવે પ્રથમ અને જન્મેય પીપાવત દ્વિતીય ક્રમે વિજેતા બન્યા. બંને વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ ભાવનગરનું પ્રતિનિધિત્વ કરશે.

## દૈત્ય 'ગોડઝીલા અલનીનો' જાગવાની તૈયારીમાં?



**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

આ વર્ષની શરૂઆતથી જ અલનીનોની સંભવિત અસરોની વાતો થતી હતી અને અલનીનો અંગે એપ્રિલ મહિના સુધીમાં તો કાળઝાળ ગરમીને કારણે હિટડોમ અને હિટવેવ જેવી પરિભાષામાં વાત કરવા સાથે અલનીનો જેવી પર્યાવરણીય ઘટના આગામી સમયમાં સુપરઅલનીનો અને એનાથી પણ આગળ કહેવાય એવા ગોડઝીલા અલીનોમાં પરિવર્તિત થવાની આગાહી થઈ રહી હતી. એના પગલે જ ભારતમાં ચોમાસું આ વર્ષે નબળું રહેવાનો અંદાજ પણ કરવામાં આવતો હતો, કે દક્ષિણ પશ્ચિમ કે નૈઋત્યનું ચોમાસુ દસેક ટકા ઓછું રહેશે પણ સપ્ટેમ્બર-૨૬ના મધ્યભાગ સુધીમાં એ આંકડો ૧૫ ટકાની આસપાસ હોવાનું હાલ અનુમાન થઈ રહ્યું છે. કેટલીક જગ્યાએ હતો સરેરાશ વરસાદ કરતા ૫૦ થી ૬૦ ટકા જેટલો ઓછો થયો હોવાનું પણ જણાયું છે. ભારતીય હવામાન વિભાગે તા. ૧૭ સપ્ટેમ્બર પછી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની દેશમાંથી વિદાય શરૂ થતી હોવાનું અને ઓક્ટોબરના મધ્યભાગ સુધીમાં એ સંપૂર્ણપણે વિદાય થઈ જાય એવી સંભાવના દર્શાવી છે. પરંતુ સાથે સાથે એ ચર્ચા પણ પ્રકાશમાં આવી છે કે, આ વર્ષે ભારતમાં ચોમાસાની માફક શિયાળાનો અનુભવ પણ અનિયમિત રહેશે અર્થાત આપણને શિયાળો ચાલી રહ્યો છે એવો સ્પષ્ટ અને કડકડતો અનુભવ આ વખતે નહીં થાય એમ કહેવાય રહ્યું છે. આ સ્થિતિ ફેબ્રુઆરી-૨૦૨૭ સુધીની ગણાવાઈ રહી છે એટલે એટલે આપણે એમ સમજવું રહ્યું કે, ભારતમાં ઘણી જગ્યાએ હવે છેક આગામી વર્ષે મે-જૂન સુધી ઉનાળા જેવી જ અનુભૂતિ થતી રહેવાની. પૃથ્વી પર ચારેકોર અનિયંત્રિત વિકાસ અને એના પગલે પ્રદૂષણ ના વિકરાળ રાક્ષસના પંજા સાથે ક્લાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સ્થિતિઓ પણ આવી પહોંચેલી છે પરંતુ વૈજ્ઞાનિકોની વૈશ્વિક તાપમાનમાં માંડ બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો કરવાની તાતી જરુર હોવાની ચેતવણી છતાં પણ કોઈક અને માનવા તૈયાર નથી. પરંતુ હાલમાં દેશમાં અને વિશ્વમાં હવામાનના જે પલટા કે વિસંગતતાઓ જોવા મળી રહી છે એનું કારણ પ્રશાંત મહાસાગરમાં ટ્રેડ વિન્ડસને કારણે સર્જાતી અલનીનો નામની ઘટના છે. આમ તો અલનીનો વિશે ઘણી વાતો જાણીતી થયેલી છે પરંતુ ટૂંકમાં એ સમજી લઈએ કે જયારે પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સરેરાશ કરતાં ૦.૫ ડીગ્રી સે.થી ૧.૫ ડીગ્રી સે. જેટલું વધી જાય તો એ સ્થિતિ અલનીનોની કહેવાય પણ જો એ ૨.૫ ડીગ્રી સે.નો આંકડો પણ વટાવી જાય તો એ સુપર અલનીનો કહેવાય. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વખતે આ અલનીનો એના બધા રેકોર્ડ તોડી નાંખવા તરફ આગળ વધી રહ્યો છે. એની શકિત વૈજ્ઞાનિકો ઓશનિક નીનો ઈન્ડેક્સ (ઓએનઆઈ)માં માપે છે. અમેરિકા અને ઓસ્ટ્રેલિયા વગેરેમાં એ રિલેટીવ ઓશનિક નીનો ઈન્ડેક્સ (આરઓએનઆઈ) તરીકે મપાય છે. પ્રશાંત મહાસાગરના નિયત વિસ્તારની સપાટીનું તાપમાન બાકીના ઉષ્ણકટીબંધીય મહાસાગરની સરખામણીમાં કેટલું વધારે છે એનું એ માપ દર્શાવે છે. એ મુજબ ચાલુ વર્ષે જૂલાઈમાં પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન ૨ ડીગ્રી સે. ને પહોંચી વટાવી ગયું હતું અને ત્યારબાદ તે ૨.૬ ડીગ્રી. સે. સુધી પહોંચી ગયુ હતું. અને સપ્ટેમ્બર-૨૬ સુધીમાં એ ૩.૦૫ ડીગ્રી સે. ને પણ વટાવી ગયું. એ દરમ્યાન જૂલાઈ-ઓગસ્ટમાં પ્રશાંત મહાસાગરના ઊંડાણમાં તાપમાન સામાન્યથી ૮ ડીગ્રી સે.થી પણ વધુ ગરમ થઈ ચૂક્યું હતું. સમુદ્રની સપાટી નીચે એકત્ર થયેલું આ ગરમ પાણી જેટ સ્ટ્રીમ વગેરે પરિબળો હેઠળ ઉપર આવી મધ્ય અને પૂર્વ પ્રશાંત મહાસાગરની સપાટીના સામાન્ય તાપમાનને નોંધપાત્ર રીતે વધારી શકે છે. જેથી હવામાનશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો એવો અંદાજ કરી રહ્યાં છે કે આ સુપર અલનીનોની સ્થિતિમાં પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન આગામી વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં લગભગ ૪ ડીગ્રી સે. સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે આપણને તાપમાનમાં એકાદ ડીગ્રી સે. નો વધારો કે ઘટાડો બહુ મોટો કે નોંધપાત્ર જણાતો ન હોય પણ પર્યાવરણ વિદો અને વૈજ્ઞાનિકો માટે એ ખતરાની ઘંટડી નહીં પણ ઘંટ જેવી બાબત ગણાય. આટલો નાનો વધારો ટેકનીકલ રીતે વૈશ્વિક તાપમાનમાં સરરેશ ૦.૧ થી ૦.૨ ડીગ્રી સે. જેટલો જ વધારો દર્શાવે પણ એનો પ્રભાવ આંકડાકીય પ્રભાવ કરતાં વાસ્તવિક પ્રભાવ ઘણો વિકરાળ બની રહે છે. પ્રશાંત મહાસાગરમાં સપાટીના તાપમાનની સાથે મહાસાગરના કેટલાક મીટર ઊંડા પાણીના જથ્થામાં પણ વિપુલ પ્રમાણમાં થર્મલ એનર્જીનો સંગ્રહ થયેલો હોય છે. એ રેડીએટરની જેમ વર્તીને હવામાનને અસર કરે છે. વળી, આ સંજોગોમાં સમુદ્રની ગરમ સપાટી હવામાંથી કાર્બન ડાયોકસાઈડને શોષવાની ક્ષમતામાં ઘટાડો દર્શાવે છે. જેનાથી વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટતું નથી અને એ ગ્લોબલ વોર્મિંગને વધારે છે. અને આ સ્થિતિ નબળી બનતા સુધીમાં આગામી વર્ષ અડધું વિતી જાય એમ બને. આ સમયગાળો સમગ્ર વિશ્વના હવામાન જ નહીં માનવજીવન માટે પણ ખુબ જ પડકારજનક બની રહે એમ છે. એની ચેતવણી વિશ્વ હવામાન સંસ્થાએ પણ આપી છે. તો શિકાગો યુનિવર્સિટીના અહેવાલ મુજબ આ સમયગાળામાં વિશ્વભરમાં વાર્ષિક સરેરાશ કરતાં સાડા ચાર લાખ જેટલાં અંદાજે વધુના મોત નિપજી શકે છે. અને એવાં ટોપ-૧૦ દેશોમાં ભારતનો પણ સમાવેશ કરાયેલો છે. ભારતમાં લગભગ સોળેક હજાર લોકો આનો ભોગ બની શકે એમ અંદાજ કરાય છે. તાજેતરમાં જ દેશના ૧૮૦થી વધુ પર્યાવરણવિદો અને વૈજ્ઞાનિકોએ પણ અલનીનો જેવી આપણાં કાબુ બહાર હોય એવી કપરી ભૌગોલિક પરિસ્થિતિઓ સામે તૈયાર થવાની જરુરીયાત દર્શાવી દીધી છે. ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ન ધારેલી ગરમી, સુકુ હવામાન, પાણીની અછતથી લઈને દુષ્કાળ જેવા સંજોગો જોવા મળી શકે એમ છે. આ તજજ્ઞોના મતે તો ભારતે આ પરિસ્થિતિનો મુકાબલો કરવા સાથે એનો તલસ્પર્શી અભ્યાસ પણ કરી લઈ આગામી બે દાયકામાં સર્જાનારા આવા કોઈ સંજોગો સામે આગમચેતીના પગલાંની પણ તૈયારી આદરી દેવી જોઈએ એવો મત દર્શાવ્યો છે. આવા સંજોગોની શકયતાને જોતાં જ આ વખતે શિયાળાનો અહેસાસ નહીં થાય એમ કહેવાવા માંડ્યું છે. દિલ્હીની સંશોધન સંસ્થા ક્લાઈમેટ ટ્રેન્ડસના મતે આમ પણ ઉત્તર ભારતમાં તો શિયાળાના દિવસો ઓછા થતાં જઈ રહ્યાં છે. અને ફેબ્રુઆરીથી જ ગરમી વર્તાવા માંડે છે. દર ૧૦ વર્ષમાં તાપમાન ૦.૬૯ ડીગ્રી સે.ના દરે વધી રહ્યું છે. ભારતમાં છેલ્લા સવા સો વર્ષ પછી ઓગસ્ટ-૨૬ સૌથી વધુ ગરમ મહિના તરીકે નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગ તો કહે છે કે હજુ સુધી આ સુપર અલનીનોની સ્થિતિ એની ટોચે પહોંચી નથી. તો સ્કાયમેટના તજજ્ઞોના મતે અત્યારસુધી તો ભારત આ અલનીનોની અસરોને સંભાળી શકયું છે પરંતુ આગામી મહિનાઓમાં પરિસ્થિતિ કેમ વળાંક લે છે એ જોવું રહ્યું. ભારતીય અવકાશ સંસ્થા ઈસરોએ પણ આગામી ડિસેમ્બર સુધીમાં દેશને ત્રણેક જેટલાં વાવાઝોડા જેવા સંજોગોનો સામનો કરવો પડી શકે છે. ભારત માટે એનો વિશાળ વિસ્તાર અને વસ્તીને જોતાં હાલના સંજોગો અને શકયતાઓ ભૂતકાળના અલનીનો સમયના અનુભવોને જોતાં પણ ચિંતાજનક રહે છે. આપણે છેલ્લા ૨૦૧૬ના સુપર અલનીનોના સમયને યાદ કરીએ તો એ વર્ષે પણ ભારતમાં સરેરાશ ૧૪ ટકા જેટલો વરસાદ ઓછો પડયો હતો. જેના કારણે દેશના ડઝનબંધ રાજયમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી. અને એ વર્ષોમાં લગભગ ચોવીસેક હજાર ખેડૂતો વગેરેના મોત થયા હતાં અને સ્થિતિ એવી આવી હતી કે સરકારે સહાય માટે રૂા. ૧૩,૪૯૭ કરોડનું ભંડોળ ફાળવવું પડયું હતું. વિશ્વ હવામાન સંસ્થાનો અંદાજ એવો છે કે હાલના આ સુપર અલનીનોની સ્થિતિ આગામી વર્ષે ફેબ્રુઆરી સુધીમાં એની ટોચે પહોંચે એની શકયતા લગભગ ૧૦૦ ટકા જેવી મનાય છે. અને એ દરમ્યાન વિશ્વમાં ભારતીય ઉપમહાખંડ, દક્ષિણપૂર્વ એશિયા, મધ્ય આફ્રિકા, ઓસ્ટ્રેલિયાથી લઈને બ્રિટેન, યુરોપ, અમેરિકા સુધી હવામાનના અણધાર્યા સંજોગોનો સામનો કરવો પડી શકે છે. લંડનની ઈમ્પિરિયલ કોલેજના પ્રોફેસર ફ્રિડરિક ઓટટો જેવા તજજ્ઞએ અલનીનોના વિકરાળ પ્રભાવને ગણાવતાં અગાઉ ન જોયેલી ગરમી ખાદ્યાન્નની અછત, ભુખમરો કે દુષ્કાળ જોવાના વારા સાથે પૃથ્વી અને માનવજાતના હિતમાં જયા સુધી આપણે અશ્મિભૂત ઈંધણની ખપ્પર ભરવા જેવી જરુરીયાત ઓછી નહીં કરીએ ત્યાં સુધી આવા અલનીનો, ગ્લોબલ વોર્મિંગ, કલાઈમેટ ચેન્જ જેવા પરિબળો સામે ઝઝુમતાં રહેવું પડશે. એવું રેડ સિગ્નલ ધર્યુ છે. કયારે જાગીશું ?

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્કૃતિ દિવસ ઉજવાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વિજ્ઞાન તમારું જીવન વધુ સારું બનાવે છે (Science Makes Your Life Better) થીમ ઉપર આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્કૃતિ દિવસ (International Day of Scientific Culture – IDSC)ની ઉજવણી કરવામાં આવશે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, વૈજ્ઞાનિક જાગૃતિ, સ્વચ્છતા તેમજ કચરા વ્યવસ્થાપન (waste management) અંગે સમજ વિકસે તે હેતુથી વિવિધ શૈક્ષણિક અને રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટેની નવીન ટેકનોલોજી વિષય પર વ્યાખ્યાન, વેસ્ટ ટુ આર્ટ વર્કશોપ, વોટર રોકેટનું નિર્દશન, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, સૂર્યકલંકો (Sunspots)નું અવલોકન, વિજ્ઞાન આધારિત ફિલ્મનું પ્રદર્શન તથા હાથ ધોવાની સાત પગથિયાંની પદ્ધતિનું નિદર્શન કરવામાં આવશે.

કાર્યક્રમનો સમય સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી રહેશે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને રોજિંદા જીવન સાથે સંકળાયેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રયોગાત્મક રીતે સમજવાની તેમજ તેમની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવાની તક મળશે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા તમામ રસ ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુલાકાતીઓને આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

**'દમણગંગા ટાઈમ્સ'**
દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.

### જ્યારે માણસ ભગવાન બનવાનું શીખશે

## ૨૨મી સદીનું વિજ્ઞાન

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



આપણે વિજ્ઞાનને આજે જે રીતે જોઈએ છીએ, તે ૨૨મી સદીમાં બાળપોથી જેવું લાગશે. ૨૦મી સદીમાં આપણે પૃથ્વી પર કેમ જીવવું તે શોધ્યું, ૨૧મી સદીમાં ડેટા પર કેમ જીવવું તે શોધ્યું, અને ૨૨મી સદી શીખવશે - મૃત્યુ વગર કેમ જીવવું ?

**૧. દેહનું વિજ્ઞાન** - મૃત્યુ વૈકલ્પિક બનશે ૨૨મી સદીનું સૌથી મોટું સત્ય ૮૦ વર્ષે મરવું ફરજિયાત નહીં હોય.

**અ. વૃદ્ધત્વ બંધ** આજે આપણે રોગ મટાડીએ છીએ, ત્યારે વૃદ્ધત્વને જ રોગ ગણવામાં આવશે. CRISPR થી આગળનું જીન એડિટિંગ તમારા કોષોને ૨૫ વર્ષની ઉંમરે જ લૉક કરી દેશે. તમારી ચામડી ઘરડી નહિ થાય, કારણ કે ઘરડા થવાનો કોડ જ ડિલીટ થઈ ગયો હશે.

**બ. અંગો પ્રિન્ટ થશે** હાર્ટ એટેક? ગભરાવાની જરૂર નથી. તમારા જ DNA થી લેબમાં બીજું હૃદય ૨૪ કલાકમાં પ્રિન્ટ થશે. કિડની, લિવર, આંખ - બધું સ્પેર પાર્ટની જેમ મળશે.

**૨. મગજનું વિજ્ઞાન** - યાદશક્તિ ડાઉનલોડ થશે આપણું મગજ આજે સૌથી સ્લો કોમ્પ્યુટર છે.

૨૨મી સદીમાં - તમે ગુજરાતી શીખવા નથી માંગતા, તમે સીધું ગુજરાતી મગજમાં ઈન્સ્ટોલ કરશો. જેમ આજે એપ ઈન્સ્ટોલ કરીએ છીએ. પરીક્ષા માટે વાંચવું નહિ પડે, સિલેબસ ડાઉનલોડ થશે. Neuralink જેવી ચિપ્સને લીધે માણસો એકબીજા સાથે બોલ્યા વગર વાત કરી શકશે. વિચારથી વિચાર. જૂઠું બોલવું અઘરું થઈ જશે, કારણ કે સામેવાળો તમારી લાગણી સીધી અનુભવશે.

**૩. પદાર્થનું વિજ્ઞાન - બધું જ શક્ય**

**ઊર્જા મફત :** ફ્યુઝન એનર્જી સફળ થશે. સૂરજને એક નાની ડબ્બીમાં પૂર્યો હશે. લાઈટ બિલ શબ્દ જ ખોવાઈ જશે.

**પદાર્થને કહો અને બને :** તમારે ખુરશી જોઈએ છે? 3D પ્રિન્ટરને કહો લાકડાની ખુરશી, તે હવામાંથી કાર્બન લઈને બનાવી દેશે. ભૂખ? ફ્રિજ નહિ હોય, ફૂડ પ્રિન્ટર હશે. સુરતી લોચો બોલો અને ગરમાગરમ નીકળશે.

**રમેશ પટેલ**
**વરિષ્ઠ વિજ્ઞાન લેખક, સુરત**

**૪. અવકાશનું વિજ્ઞાન - પૃથ્વી માત્ર ઘર નહિ, વતન**

૨૨મી સદીનો માણસ પૃથ્વીવાસી નહિ હોય, સૂર્યમાળા વાસી હશે.

મંગળ પર શહેર હશે. સુરતના લોકોની જેમ ત્યાં પણ સાંજે તાપી નથી, પણ લોકો ફરવા નીકળશે. ચંદ્ર પર ફેક્ટરીઓ હશે. આપણે પ્રકાશની ગતિએ નહિ જઈ શકીએ, પણ આપણે ટેલિપોર્ટેશન નહીં, પણ માહિતી તરીકે જઈશું. તમારું શરીર અહીં રહેશે, તમારી ચેતના મંગળ પર ઉઠશે.

૨૧મી સદીએ આપણને સવાલ પૂછ્યો - આપણે વધુ સ્માર્ટ કેમ બનીએ?

૨૨મી સદી સવાલ પૂછશે - આપણે માણસ રહેવું છે કે કંઈક વધારે બનવું છે?

વિજ્ઞાન ત્યારે સાધન નહિ હોય, તે આપણો સ્વભાવ હશે.

જેમ માછલીને પાણી વિશે વિચારવું નથી પડતું, તેમ ૨૨મી સદીના માણસને ટેક્નોલોજી વિશે વિચારવું નહિ પડે. તે તેની અંદર જ જીવશે.

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 25, September 2026

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

● ઉમરગામ
● સંજાણ
● ભીલાડ
● સરીગામ


## ઉમરગામમાં મેડિકલ કેમ્પ યોજાયો

### ભીલાડ અને ઉમરગામ સીએચસી ખાતે ૭૦૦થી વધુ લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરાવી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ઉમરગામ તાલુકામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ભીલાડ સીએચસી અને ઉમરગામ સીએચસી ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડથી સેવા આપવા આવેલા વિવિધ નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા ૭૦૦થી વધુ લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરી જરૂરી નિદાન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં ફિઝિશિયન, ગાયનેકોલોજિસ્ટ, બાળરોગ નિષ્ણાત સહિતના તબીબોએ દર્દીઓની તપાસ કરી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડી હતી. મેડિકલ કેમ્પને સફળ બનાવવા ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ, વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નરેશભાઈ વડવી, તાલુકા ભાજપના હોદ્દેદારો, ઉમરગામ શહેર ભાજપ મહામંત્રી મનોજ ઝા, નગરપાલિકા આરોગ્ય સમિતિના ચેરમેન સમીરભાઈ કંસારા, પૂર્વ કોર્પોરેટર સુરેશભાઈ યાદવ, શહેર યુવા ભાજપ પ્રમુખ અમિતભાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી ખડે પગે સેવા આપી હતી. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ મેડિકલ કેમ્પથી તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા લોકોને નિષ્ણાત તબીબોની આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો હતો.



## ઉમરગામ આશ્રમમાં બાળકોને ફ્રૂટ, ચોકલેટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં આવેલ આશ્રમના બાળકો સાથે મુલાકાત કરી ફ્રૂટ, ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉમરગામ શહેર ભાજપ મહામંત્રી વિશ્વકર્મા ટંડેલ તથા મનોજભાઈ ઝા દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે પણ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જાહેર સ્થળોએ ગંદકી ન કરવા, આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખવા તેમજ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવા વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ અને સ્વચ્છતાના સંસ્કાર વિકસે તે માટે માર્ગદર્શન સાથે સેવાભાવના સંદેશને પણ ઉજાગર કરવામાં આવ્યો હતો.

### ચેરિટી કમિશનરની ચેતવણી અને અનુભવી સભ્યોની સમજાવટ બાદ એસઆઈએ નમતું જોખવા મજબૂર

## સરીગામ ઈન્ડ. એસો.ના 'પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન' માટે કમિટિ રચાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશનને લઈને ચાલી રહેલા લાંબા સમયના વિવાદમાં આખરે નિર્ણાયક વળાંક આવ્યો છે. ચેરિટી કમિશનરનું કડક વલણ, સુઓ મોટો દાખલ કરવાની ચેતવણી અને સંસ્થાના અનુભવી સભ્યોની સમજાવટ બાદ એસઆઈએના વર્તમાન સત્તાધીશોને નમતું જોખવાની ફરજ પડી છે.

ગત ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વલસાડ ચેરિટી કમિશનરની કોર્ટમાં યોજાયેલી સુનાવણી દરમિયાન SIA ના પ્રમુખ નિર્મલભાઈ દુધાણીએ સ્વયં હાજર રહીને પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાની લેખિત ખાતરી આપી છે. પરંતુ નવા હોદ્દેદારો આવ્યા બાદ પૂર્વ પ્રમુખ નિર્મલભાઈ દુધાનીએ ચેરિટી કમિશનર સમક્ષ આપેલી બાંહેધરી મુજબ રજિસ્ટ્રેશન ન કરાવવું પડે તે માટે જાતજાતની દલીલો કરવામાં આવી રહી હતી. જેના કારણે નોંધણીની કામગીરી ભારે વિલંબમાં પડી હતી.

પરંતુ એસોસિએશનના અગ્રણી અને અનુભવી સભ્યોએ કાયદાકીય જોગવાઈઓનું મહત્વ સમજાવી પબ્લિક ટ્રસ્ટ એક્ટ મુજબ જ રજિસ્ટ્રેશન કરાવવા ભારપૂર્વક સમજાવટ કરી હતી. બીજી તરફ, વલસાડ ચેરિટી કમિશનરે પણ જો નિયમાનુસાર પ્રક્રિયા નહીં થાય તો સુઓ મોટો (સામેથી કાર્યવાહી) દાખલ કરવાની કડક ચેતવણી આપી હતી. પ્રાપ્ત થતી વિગતો મુજબ, SIAની સ્થાપના ૧૯૮૯માં સોસાયટી એક્ટ હેઠળ થઈ હતી. પરંતુ ગુજરાત સરકારના ૨૦૦૪ અને ૨૦૧૭ના પરિપત્રો મુજબ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત હતું. લાંબા સમય સુધી આ નિયમનો અનાદર થતા ઉદ્યોગપતિ રૂવાબ અલી ખાન દ્વારા હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી, જેના બાદ મામલો ચેરિટી કમિશનર સમક્ષ આવ્યો હતો. આજરોજ એસઆઈએના સભાખંડમાં અગ્રણી સભ્યો અને એસઆઈએની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક મળી હતી. જેમાં સર્વનું મતે પબ્લિક એક્ટ મુજબ રજીસ્ટેશન કરાવવાનું નિર્ણય લેવામાં આવ્યો છે અને જેની કામગીરી માટે ટૂંક સમયમાં જ કમિટીની રચના કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું છે.

## ઉમરગામ પોલીસ પરિવારે દિવ્યાંગ બાળકો સાથે ભોજન કર્યુ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ઉમરગામ પોલીસ લાઈન પરિવારે સાર્વજનિક ગણેશ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી. આ દરમિયાન દિવ્યાંગ બાળકો સાથે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ પરિવારે બાળકો સાથે ભોજન કરીને માનવતાનો સંદેશ આપ્યો.માનવતા અને સામાજિક સમરસતાનો સુંદર સંદેશ આપ્યો.આ પ્રસંગે ઉમરગામ પી.આઈ. એચ.ડી. તુવરે ગણેશ મહોત્સવની શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે, ગણેશજી સૌના વિઘ્નો દૂર કરે અને સૌના જીવનમાં સુખ-શાંતિ બની રહે. પોલીસ લાઈન પરિવાર દ્વારા ગણેશ મહોત્સવ ઉજવવાનો મુખ્ય હેતુ એ છે કે પોલીસ પરિવાર સમાજની તમામ સંસ્કૃતિ અને સભ્યતાના ઉત્સવોમાં જનતા સાથે છે. પોલીસ પરિવાર લોકોની સુરક્ષા માટે હંમેશા કાર્યરત છે.

આ કાર્યક્રમમાં પી.આઈ. એચ.ડી. તુવર, પી.એસ.આઈ. એસ.કે. વસાવા અને પી.એસ.આઈ. એચ.કે. રાઠોડ સહિત ઉમરગામ પોલીસ લાઈન પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.સમગ્ર ગણેશ મહોત્સવ દરમિયાન ઉમરગામ પોલીસ લાઈન ખાતે ભક્તિમય અને આનંદમય વાતાવરણ જોવા મળ્યું. ધાર્મિક આસ્થા સાથે સામાજિક સેવા અને સમરસતાનો સંદેશ આપતો આ ગણેશ મહોત્સવ સફળતાપૂર્વક પૂરો થયો.

## સંજાણા હોમમાં ફિઝિયો થેરાપીના સાધનો અર્પણ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા તા. ૨૦/૦૯/૨૦૨૬, રવિવારના રોજ દિલખુશ વેલફેર સોસાયટી સંચાલિત સંજાણા હોમ, સંજાણ ખાતે ફિઝિયોથેરાપીના સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. આ ફિઝિયોથેરાપીના સાધનો CSR કંપની Shrotra Enterprises Pvt. Ltd., કરજગામના સહયોગથી આપવામાં આવ્યા હતા. આ સાધનોની કુલ કિંમત રૂ. ૨,૦૦,૦૦૦/- છે. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સરીગામના પ્રમુખ રો. રેશમા રાવ, સેક્રેટરી રો. જૈવીક પટેલ તથા માજી પ્રમુખ



રો. ઉદયભાઈ મારબલી તથા રોટરી ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા સમાજના જરૂરિયાતમંદ લોકો માટે આરોગ્ય અને સેવાકીય પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

## સરીગામ-ભીલાડમાં શ્રી ચારભુજા નાથની ભવ્ય રેવાડી યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** સરીગામ-ભીલાડ શ્રી રામદેવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી ચારભુજાનાથજીની રેવાડી યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સરીગામ ત્રણ રસ્તા ખાતેથી શરૂ થયેલી આ રેવાડી યાત્રા ભીલાડ થઈ દમણગંગા સ્થિત શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિર સુધી યોજાઈ હતી. રાજસ્થાની સમાજના મોટી સંખ્યામાં સભ્યો પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને શ્રદ્ધાભેર રેવાડી યાત્રામાં જોડાયા હતા.



ભવ્ય શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યાં હતા અને સમગ્ર માર્ગ પર ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. યાત્રા દરમિયાન સરીગામ અને ભીલાડ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી યાત્રા શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ઉમરગામમાં ૭ ઓક્ટો. સુધી સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** રાજ્ય સરકાર દ્વારા પારદર્શિતા વધારવા તથા પ્રજાની વ્યક્તિગત રજૂઆતોના ઉકેલ માટે શરૂ કરાયેલા 'સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય)' કાર્યક્રમ અંતર્ગત ઉમરગામ તાલુકામાં બીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા કક્ષાએ મળેલી સૂચના અનુસાર ગ્રામ્ય વિસ્તારોને વિવિધ ક્લસ્ટરમાં વિભાજિત કરી નિયત તારીખે સેવાસેતુ કેમ્પ યોજવામાં આવશે. ઉમરગામ તાલુકામાં કુલ ૫ ગ્રામ્ય ક્લસ્ટરમાં કાર્યક્રમો યોજાશે. જેમાં મરોલી ક્લસ્ટરનો કાર્યક્રમ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૮ કલાકે ઘોડીપાડા ખાતેના સાંસ્કૃતિક હોલમાં યોજાશે. આ ક્લસ્ટરમાં કુલ ૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નારગોલ ક્લસ્ટરનો સેવાસેતુ કાર્યક્રમ સવારે ૮ કલાકે ભંડારી સમાજ હોલ/ સાંસ્કૃતિક ભવન, જાંઘડા ભવન, નારગોલ ખાતે યોજાશે. આ ક્લસ્ટરમાં ૮ ગામોનો સમાવેશ છે. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભીલાડ ક્લસ્ટરનો કાર્યક્રમ સવારે ૮ કલાકે ભીલાડ સમાજ હોલ, ભીલાડ ખાતે યોજાશે. આ ક્લસ્ટરમાં કુલ ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સોલસુંબા ક્લસ્ટરનો કાર્યક્રમ સવારે ૮ કલાકે સેન્ટ્રલ સ્કૂલ, સોલસુંબા ખાતે યોજાશે.

આ ક્લસ્ટરમાં કુલ ૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ એકડેરા ક્લસ્ટરનો સેવાસેતુ કાર્યક્રમ સવારે ૮ કલાકે એકડેરા જાહેરનાતી/હાઈસ્કૂલ ખાતે યોજાશે. આ ક્લસ્ટરમાં કુલ ૧૦ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત ઉમરગામ નગરપાલિકા વિસ્તાર માટે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૮ કલાકે

## ફણસામાં છાજેડ પરિવારની તપસ્યાની અનુમોદના કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ઉમરગામ તાલુકાના ફણસા ખાતે જૈન સંઘમાં છાજેડ પરિવારના તપસ્વીઓ દ્વારા કરવામાં આવેલી તપસ્યાની અનુમોદના કરવામાં આવી હતી. મમતાબેન સંજયભાઈ છાજેડ અને મોક્ષા જતીનભાઈ છાજેડની તપસ્યાને લઈને પરિવારજનો તથા જૈન સમાજ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દક્ષિણ ગુજરાત પ્રાંત મંત્રી રાજેશભાઈ રાણા, વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, જિલ્લા મંત્રી અંકિતભાઈ શાહ અને તાલુકા મંત્રી નૈલેશભાઈ દુગ્ગડ સહિતના આગેવાનો ફણસા જૈન સંઘ ખાતે પહોંચ્યા હતા.

આગેવાનોએ તપસ્વીઓની સુખશાતા પૂછી તેમની તપસ્યાની અનુમોદના કરી હતી. ત્યારબાદ તપસ્વીઓના પારણાની વિધિ કરાવવામાં આવી હતી. પ્રસંગે ઉપસ્થિત સૌએ તપસ્વીઓના તપ અને સંયમની અનુમોદના સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સરીગામ રોટરી ક્લબ દ્વારા કેન્સર અવેરનેસ સેમિનાર યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** શનિવારના રોજ રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા Premier Health Corporation, Sarigam GIDC ખાતે કેન્સર અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે Medical Oncologist Dr. Ankita Patel ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કેન્સરના કારણો, લક્ષણો, સમયસર તપાસ, સારવાર તથા કેન્સરથી બચવા માટે જરૂરી સાવચેતી અંગે કર્મચારીઓને સરળ ભાષામાં મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં કુલ ૧૫૦ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ સરીગામના પ્રમુખ રો. રેશમા રાવ, સેક્રેટરી રો. જૈવિક પટેલ, ડો. જયેશ દિક્ષિત, ભરતભાઈ જાની, ભારતી જાની, દેવાંગ દિક્ષિત અને પૂજા શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન રો. રાજેશ પાંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય હેતુ કર્મચારીઓમાં કેન્સર અંગે જાગૃતિ વધારવા અને સમયસર તપાસ તથા યોગ્ય સારવારનું મહત્વ સમજાવવાનો હતો.

## નારગોલમાં મધમાખી ઉછેર તાલીમમાં ૨૦૦ થી વધુ ખેડૂતો જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** દક્ષિણ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અને વધારાની આવકના સ્રોત તરીકે મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા માટે નારગોલ ખાતે એક અનોખી પહેલ શરૂ થઈ છે. ઉમરગામ કૃષિ વિકાસ વુમન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિ. દ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટી અને વનીય મહાવિદ્યાલયના સહયોગથી આયોજિત બે દિવસીય મધમાખી ઉછેર તાલીમ કાર્યક્રમનો પ્રથમ દિવસે જ ૨૨૦ જેટલા ખેડૂતોના ઉત્સાહપૂર્વક ભાગીદારી સાથે શુભારંભ થયો હતો.

કાર્યક્રમનો મુખ્ય હેતુ મધમાખી ઉછેર દ્વારા ખેડૂતોને વધારાની આવક, પાક ઉત્પાદનમાં વધારો, પરાગનયન અને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડવાનો છે. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને Green Hero of India તરીકે જાણીતા Dr. R.K. Nair એ ખેડૂતોને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, દરેક ઘરે ઓછામાં ઓછી એક મધમાખીની પેટી હોવી જ




જોઈએ. મધમાખી ઉછેર એ માત્ર મધ ઉત્પાદન નથી, પરંતુ ગ્રામ્ય પરિવારો માટે આવકનું કાયમી અને સન્માનજનક સાધન છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાત ડૉ. જગેશ જે. પટ્ટાગીયાએ ખેડૂતોને મધમાખીઓનું કૃષિ અને પર્યાવરણમાં રહેલું મહત્વ સમજાવ્યું હતું. તેમણે પરાગનયનને કારણે પાક ઉત્પાદનમાં ૨૦ થી ૩૦ ટકા સુધી વધારો થતો હોવાનું વૈજ્ઞાનિક માહિતી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ડૉ. મીનલ બી. ટંડેલએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતનો દરિયાકાંઠાનો આ પટ્ટો દેશી મધમાખીના ઉછેર માટે અત્યંત અનુકૂળ છે. યોગ્ય તાલીમ અને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવીને ખેડૂતો અહીં તેને સફળ વ્યવસાય બનાવી શકે છે. CSR અને મહિલા સશક્તિકરણની નવી દિશા નારગોલ ગામના અગ્રણી યતીનભાઈ ભંડારી દ્વારા માંગ કરવામાં આવી હતી કે, જો કંપનીઓના CSRફંડ દ્વારા ખેડૂતોને મધમાખીની પેટી તથા જરૂરી સાધનો માટે સહાય મળે, તો નારગોલથી મધ ઉત્પાદનનું એક મોટું અને સાર્થક અભિયાન ઊભું થઈ શકે છે. નારગોલના સરપંચ સ્વીટીબેન યતિનભાઈ ભંડારીએ મહિલાઓને ખાસ આહ્વાન કરતા જણાવ્યું હતું કે, બહેનો જો મધમાખી ઉછેરના કામમાં આગળ આવે અને મધ ઉત્પાદન માટે એક અભિયાન બનાવે, તો મહિલાઓ માટે ઘરે બેઠા નવી આવકની તકો ઊભી થઈ શકે છે. ભારતીય કિસાન સંઘ, વલસાડ જિલ્લાના પ્રમુખ શશીકાંતભાઈ પટેલએ જણાવ્યું હતું કે, મધમાખી ખેડૂતની સાચી મિત્ર છે અને દરેક ખેડૂતે ઓછામાં ઓછી એક મધમાખીની પેટી સ્થાપિત કરવા આગળ આવવું જોઈએ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમરગામ કૃષિ વિકાસ વુમન FPO ના CEO નિતિન પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. પ્રજાપતિ, ડૉ. અભિષેક એ. મહેતા, ડૉ. ગોવિંદ બોસ સહિત અનેક કૃષિ નિષ્ણાતો, આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. એક ખેડૂત - એક મધમાખીની પેટીના સંકલ્પ સાથે FPO દ્વારા ખેડૂતોને તાલીમ, ટેક્નિકલ માર્ગદર્શન, મધ ઉત્પાદન અને માર્કેટિંગ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ પહેલથી ખેડૂતોની વધારાની આવક, પાક ઉત્પાદનમાં વધારો, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામ્ય રોજગારીને નવું બળ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## નારગોલમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

### ૯૦૦થી વધુ અરજદારોના પ્રશ્નો રજૂ થયા, પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૪ :** ઉમરગામ તાલુકાના નારગોલ ખાતે જગદંબા હોલ (ભંડારી સમાજ હોલ)માં રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, મામલતદાર, જિલ્લા તથા તાલુકા પંચાયતના સભ્યો, નારગોલના સરપંચ સ્વીટીબેન ભંડારી તેમજ જિલ્લા અને તાલુકા ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.




સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી વિભાગોને લગતા ૯૦૦થી વધુ અરજદારોના પ્રશ્નો અને રજૂઆતો કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અરજદારોની રજૂઆતો સાંભળી મોટાભાગના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. સાથે જ જરૂરી પ્રમાણપત્રો સહિતની સેવાઓ પણ અરજદારોને સ્થળ પર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના લોકોને વિવિધ સરકારી સેવાઓ અને વિભાગોને લગતા પ્રશ્નો માટે અલગ-અલગ કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને એક જ સ્થળેથી વિવિધ પ્રશ્નોનો નિકાલ થઈ શકે તે હેતુથી સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.નારગોલ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન અરજદારોના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થતાં અરજદારોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.



દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 25, September 2026

# મતદારયાદી સુધારતી એસઆઈઆરમાં ક્ષતિ

કોઈપણ લોકશાહી માટે મતદારયાદી ચાવીરૂપ બની રહે છે. તેમાં પણ ભારત જેવા કરોડો મતદારને સમાવતી આ યાદી ક્ષતિ રહિત રહે તે અનિવાર્ય બની રહે છે. ભારતીય ચૂંટણીપંચે મતદારયાદીની ખાસ ગહન સમીક્ષા (એસઆઈઆર)ની પ્રક્રિયા હાથ ધરી ત્યારથી તેની સામે સવાલ ખડા થતા રહ્યા છે. હવે સામે આવી રહેલા મુદ્દા વિવાદની પરાકાષ્ઠા સમાન હોય તેમ જણાઈ રહ્યંક્ક છે. આમ તો મતદારયાદીમાંથી મૃત, સ્થાન બદલી ચૂકેલાઓના, બેવડી નોંધણી થયેલા અને અપાત્ર મતદારોના નામ કમી કરવા અને યોગ્ય મતદારોના નામો ઉમેરવાની આ આખી પ્રક્રિયા સામે તેના આરંભથી જ સવાલ ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં સામે આવેલી ચોંકાવનારી હકીકતો મુજબ બિહારથી બંગાળ સુધી એસઆઈઆરની કાર્યવાહી સામેનો વિવાદ હવે રાજધાની દિલ્હી સુધી પહોંચ્યો છે. આ પ્રકરણમાં હવે માજી નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી, માજી ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વિદેશ મંત્રી એસ. જયશંકર સહિતની ટોચની સંખ્યાબંધ હસ્તીઓના મતદાર તરીકેના અસ્તીત્વ બાબતે નોટિસ અપાઈ છે. સ્વાભાવિક રીતે ચૂંટણીપંચની આ કાર્યવાહીએ ભારે ઉહાપોહ જગાવ્યો છે. હવે ચર્ચા એ છેડાઈ છે કે, ટેકનિકલ અથવા રેકર્ડની નોંધણી સમયની ઉણપોને કારણ આ ક્ષતિ હોઈ શકે છે. પણ તેનાથી કોઈને મતાધિકારથી વંચિત કરી શકાય કે નહીં ? વળી આજકાલના સમયમાં લોકો પાસે જૂના દસ્તાવેજ ઉપલબ્ધ હોતા નથી. આવા લોકોની સંખ્યા નાનીસૂની નથી. ગરીબો, સ્થળાંતર કરતા શ્રમજીવીઓ વૃદ્ધો પાસે તેમના જન્મને લગતા દસ્તાવેજો ઉપલબ્ધ હોતા નથી. વળી અમુક જણા પાસેના દસ્તાવેજોમાં નામ કે જન્મ તારીખમાં નજીવા ફેરફારને લીધે તેમની મતદારયાદીમાં નોંધણી જોખમમાં આવી પડે છે. ચૂંટણીપંચના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં મતદારયાદીમાંથી બકાત થયેલા ૩૮ લાખથી વધુ લોકોએ અપીલ દાખલ કરી છે, તેમાં પ્રથમ તબક્કામાં ૧.૨૬ લાખ અપીલની ચકાસણી કરતાં ૯૦ ટકાના નામ મતદારયાદીમાં ફરી સમાવાયા છે. હવે રાજકીય સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, થોડા સમય અગાઉ યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આ મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શક્યા હોત તો પરિણામ અલગ આવી શક્યું હોત ખરું ? આમ તો એસઆઈઆરના -થમ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૧૩ કરોડથી વધુ મતદારોના નામ યાદીમાંથી નીકળી ગયા છે. આમાં દિલ્હીના સૌથી વધુ ૩૨ ટકા નામ મુસદ્દા યાદીમાં સ્થાન પામ્યા નથી. આવા ૩૩ લાખથી વધુ લોકોને નોટિસ આપી છે, પણ મોટાભાગના કિસ્સામાં મતદારોની વિગતો ૨૦૦૨ની એસઆઈઆરની પ્રક્રિયાની સામે મેળ ખાતી નથી. સ્પષ્ટ છે કે, દસ્તાવેજોમાં સામાન્ય એવી ભૂલ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ વ્યાવહારિક કારણોસર પોતાના આધાર રજૂ કરી શકે નહીં તો તેને મતાધિકારથી વંચિત રાખી શકાય નહીં. ખરેખર તો ચૂંટણીપંચે એસઆઈઆરની સફળતાને મતદારયાદીમાંથી કેટલા નામ દૂર કરાયા તેના માપદંડને આગળ ધરવાને બદલે કોઈ પણ પાત્ર મતદારનું નામ યાદીમાંથી બકાત રહી જાય નહીં તેની ખરાઈ કરવાની સફળતા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

# યમુના એક્સપ્રેસવે પર દોડતી બસમાં ભીષણ આગ, ૯ નાં મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગ્રેટર નોઈડા, તા.૨૪ : ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં જેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસવે પર મોટો અકસ્માત થયો છે. અહીં દોડતી સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ લાગી હતી.

બસમાં આશરે ૪૦થી ૫૦ મુસાફરો સવાર હતા. જીવ બચાવવા માટે કેટલાક મુસાફરોએ બસમાંથી કૂદકો માર્યો હતો. આ દુર્ઘટનામાં ૯ લોકોનાં મોત થયા છે. નોઈડા પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે.આ અકસ્માત યમુના એક્સપ્રેસવે પર જેવર વિસ્તારમાં દયાનતપુર ગામ નજીક થયો હતો. બસ ગ્રેટર નોઈડાથી આગ્રા તરફ જઈ રહી હતી. આ દરમિયાન બસમાં અચાનક આગ લાગી હતી. થોડી જ વારમાં આગે આખી બસને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી.પ્રારંભિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે આગની જાણ થતાં જ ડ્રાઈવરે બસને રસ્તાની બાજુમાં ઊભી રાખી હતી અને ઘણા મુસાફરો બહાર નીકળી ગયા હતા. પોલીસના પ્રાથમિક અહેવાલમાં પણ મુસાફરોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હોવાની માહિતી આપવામાં આવી હતી. જોકે, નોઈડા પોલીસ પાસેથી મળેલી તાજી માહિતી અનુસાર આ અગ્નિકાંડમાં ૯ મુસાફરોનાં મોત થયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગ્રેટર નોઈડામાં થયેલા માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. ઝસ્એ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવારની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનો સાથે વાત કરી અને તેમને શક્ય તમામ મદદ ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

બસમાં આગ ઝડપથી ફેલાઈ જતાં કેટલાક મુસાફરો અંદર જ ફસાઈ ગયા હતા અને તેમને બહાર નીકળવાની તક મળી નહોતી. મૃતકોમાં વૃદ્ધ મહિલા અને દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘાયલોને કૈલાશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બસ દિલ્હીથી મહોબા જઈ રહી હતી. બસનો નંબર BR 32 PA 8647 હોવાનું જણાવવામાં આવ્યું છે. આ બસ રાજ કલ્પના ટ્રાવેલ્સની હોવાનું કહેવાય છે.

# નોઈડા બસ અગ્નિકાંડઃ મોદી અને રાષ્ટ્રપતિએ શોક વ્યક્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નોઈડા, તા.૨૪
ગ્રેટર નોઈડામાં યમુના એક્સપ્રેસવે પર બુધવારની મોડી રાત્રે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. યમુના એક્સપ્રેસવે પર દિલ્હીથી મહોબા જઈ રહેલી પ્રાઈવેટ સ્લીપર બસમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ભયાનક દુર્ઘટનામાં નવ મુસાફરો જીવતા બળીને ભડથું થઈ ગયા હતા. જ્યારે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે મોટાભાગના મુસાફરો સૂતા હતા. ધુમાડો અને આગ એટલી ઝડપથી ફેલાઈ કે બસમાં અફરા-તફરી મચી ગઈ હતી. કેટલાકે બારીમાંથી કૂદીને જીવ બચાવ્યો હતો, જ્યારે નવ લોકો અંદર જ ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.

આ દુર્ઘટના પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લખ્યું કે યમુના એક્સપ્રેસવે પર બસમાં આગ લાગવાથી થયેલા મૃત્યુના સમાચાર અત્યંત પીડાદાયક છે.

તેમણે શોકસંતપ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દાઝી ગયેલા મુસાફરો જલદી સ્વસ્થ થાય તેવી કામના કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના છે અને ઈજાગ્રસ્તો જલદી સાજા થાય તેવી પ્રાર્થના છે. પીએમએનઆરએફમાંથી મૃતકોના પરિજનોને બે-બે લાખ અને ઘાયલોને પચાસ હજાર રૂપિયા આપવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ સહાયની જાહેરાત કરી છે અને પીડિતોને પૂરતી મદદની અધિકારીઓને સૂચના આપી છે.

આ બસ દિલ્હીથી નીકળીને મહોબા જઈ રહી હતી. જેવર એરપોર્ટ પાસે યમુના એક્સપ્રેસવે પર રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે બસમાં આગ ભભૂકી ઉઠી હતી. બસમાં આશરે ૩૦થી ૩૫ મુસાફરો હતા. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની આઠ-દસ ગાડીઓ પહોંચી હતી અને મુસાફરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી અને તમામને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ૯ જેટલા મુસાફરોને ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા.

# અર્નબ વાવાઝોડું ત્રાટક્યું; આંધ્ર-ઓડિશામાં પુલ તણાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪:બંગાળની ખાડીમાં સર્જાયેલું ભારે દબાણ (ડીપ ડિપ્રેશન) આખરે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો સાથે અથડાયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ લગભગ ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહી છે અને કલિંગપટ્ટનમ નજીક કિનારો ઓળંગી રહી છે. લેન્ડફોલની આ પ્રક્રિયા આગામી બે કલાક સુધી ચાલુ રહેવાની ધારણા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે કિનારા સાથે અથડાયા પછી પણ આ સિસ્ટમ આગામી ૧૨ કલાક સુધી તેની પૂરી તાકાત જાળવી રાખશે. આ પછી, તે ઉત્તર-ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે અને ધીમે ધીમે નબળી પડશે.

જો આ સિસ્ટમ જમીન સાથે અથડાતા પહેલા વધુ મજબૂત બનીને ચક્રવાતી વાવાઝોડાનું રૂપ લઈ લેત, તો તેને અર્ણબ નામ આપવામાં આવ્યું હોત. આ ગંભીર હવામાન સંકટને ધ્યાનમાં રાખીને ઓડિશા અને આંધ્રપ્રદેશના સંવેદનશીલ જિલ્લાઓમાં હાઈ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કોરાપુટ, મલકાનગિરી, કાલહંડી અને નવરંગપુરમાં અત્યંત ભારે વરસાદ, શક્તિશાળી પવનો અને અચાનક પૂર (ફ્લેશ ફ્લડ)ના ખતરાને જોતાં રાહત અને બચાવ ટીમો એલર્ટ મોડ પર છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ વરિષ્ઠ અધિકારીઓ સાથે કટોકટી સમીક્ષા બેઠક યોજીને નીચાણવાળા વિસ્તારોમાંથી હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા અને શાળાઓને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે. હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપી છે. આ ડીપ ડિપ્રેશન વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે આવેલા કલિંગપટ્ટનમના દક્ષિણ-પશ્ચિમ કિનારાને ઓળંગી રહ્યું છે. જમીની વિસ્તારમાં પ્રવેશ્યા પછી પણ આગામી ૧૨ કલાક સુધી આ સિસ્ટમની તીવ્રતા ભયાનક દબાણના રૂપમાં જળવાઈ રહેશે. ઓડિશા અને આંધ્રપ્રદેશ —બંને રાજ્ય સરકારોએ પૂર અને જળભરાવની સ્થિતિને પહોંચી વળવા માટે પૂરી તાકાત લગાવી દીધી છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી ગ્રામજનોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા છે અને શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જિલ્લા કલેક્ટરોને ફિલ્ડમાં હાજર રહેવા અને અચાનક આવતા પૂરથી લોકોને બચાવવાનો આદેશ આપ્યો છે. ઓડિશા સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંથી એક બનવાની શક્યતા છે, કારણ કે ત્યાંના ઘણા જિલ્લાઓમાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી છે.

# અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનની ૧૦ અલગ સ્થળો પર એરસ્ટ્રાઈક

(સંપૂર્ણ સમાચાર સેવા)
કિવ, તા.૨૪
પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં આવેલા ૧૦ અલગ-અલગ સ્થળો પર હવાઈ અને ડ્રોન હુમલા કરવામાં આવ્યા હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે આ સ્થળોનો ઉપયોગ ડ્રોન સ્ટોર કરવા અને તેના દ્વારા હુમલા કરવા માટે કરવામાં આવતો હતો. જેમાંથી કેટલાક ડ્રોનનો ઉપયોગ એક દિવસ અગાઉ પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની વાયુસેના દ્વારા આ હુમલાઓ મર્યાદિત લશ્કરી ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને ચોકસાઈપૂર્વક પાર પાડવામાં આવ્યા છે અને અફઘાનિસ્તાન તરફથી જો કોઈ વધુ ઉશ્કેરણીજનક પગલું ભરાશે તો તેનો મક્કમ જવાબ આપવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઈસ્લામિક આતંકવાદીઓના હુમલા અને સરહદ પારની ગતિવિધિઓને લઈને લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે,

જેના કારણે બંને દેશો વચ્ચે અગાઉ ફેબ્રુઆરી મહિનામાં પણ ભારે સંઘર્ષ જોવા મળ્યો હતો. ઈસ્લામાબાદ દ્વારા વારંવાર એવા આક્ષેપો કરવામાં આવે છે કે કાબુલ સરકાર પાકિસ્તાન વિરોધી આતંકવાદીઓને આશ્રય આપી રહી છે, જ્યારે અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને સ્પષ્ટ કર્યું છે કે આંતરિક સુરક્ષા એ પાકિસ્તાનની પોતાની સમસ્યા છે.

તાજેતરની ઘટનામાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા અફઘાનિસ્તાનની સરહદ પરથી છોડવામાં આવેલા ડ્રોન્સને ડિટેક્ટ કરવામાં આવ્યા હતા, જેને નિષ્ક્રિય કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતના પ્રવક્તા મુસ્તગફિર ગુરબાજે જણાવ્યું હતું કે આ હુમલાઓ ખોસ્ત પ્રાંતના કેટલાક વિસ્તારોમાં થયા છે, જોકે આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી.

# ભારતીયોને યુદ્ધમાં મહોરા ન બનાવો; ઝેલેન્સ્કીની પુતિન સામે લાલ આંખ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કિવ, તા.૨૪
યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ દુનિયાને મોટું એલર્ટ આપતા દાવો કર્યો છે કે રશિયા, યુક્રેન સામે ચાલી રહેલા યુદ્ધમાં ભારત સહિત ૪૭ અલગ-અલગ દેશોના નાગરિકોનો ઉપયોગ મોહરા તરીકે કરી રહ્યું છે. તેમણે સીધી રીતે આ દેશોની સરકારોને અપીલ કરી છે કે તેઓ પોતાના નાગરિકોની સુરક્ષા કરે અને તેમને આ ખતરનાક સંઘર્ષનો હિસ્સો બનતા અટકાવે.

યુક્રેની પ્રમુખે જણાવ્યું કે, રશિયા જે દેશોના નાગરિકોનો યુદ્ધમાં ઉપયોગ કરી રહ્યું છે, તેમાં ભારત, ઘાના, નેપાળ, તાજિકિસ્તાન, યમન, કેન્યા, ઝિમ્બાબ્વે, ક્યૂબા, બેલારૂસ, સુદાન અને દક્ષિણ આફ્રિકા જેવા અનેક દેશો સામેલ છે.

આ દેશોને સંબોધિત કરતા ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ સારી રીતે જાણે છે કે રશિયા તેમના લોકો સાથે શું કરી રહ્યું છે. તે તમારા પોતાના નાગરિકો છે, તેમની સંભાળ રાખો અને તેમને કોઈ બીજા મોરચે જાન ગુમાવવા માટે ન છોડો. રશિયાને પોતાની નિષ્ફળતા છુપાવવા અને પોતાના પાગલપનની કિંમત તમારા દેશના લોકોના ભોગે ચૂકવવાની મંજૂરી ન આપવી જોઈએ.

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પર નિશાન સાધતા ઝેલેન્સ્કીએ તેમને આ જંગના પેશન્ટ ઝીરો કરાર આપ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે પુતિન જ તે વ્યક્તિ છે જેમણે આ યુદ્ધની શરૂઆત કરી અને તેને દુનિયાભરમાં ફેલાવ્યું, જેના કારણે આજે આ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી યુરોપનું સૌથી મોટું સંઘર્ષ કેન્દ્ર બની ચૂક્યું છે. રશિયન નેતા જેટલા લાંબા સમય સુધી આ યુદ્ધ ચાલુ રાખશે, તેના પરિણામો એટલા જ ખતરનાક બનતા જશે.

યુક્રેની પ્રમુખે કહ્યું કે, આવનારો શિયાળો અમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ જો રશિયાએ હુમલા બંધ નહીં કર્યા, તો યુક્રેન પાસે પણ રશિયાને જડબાતોડ જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ નહીં બચે.

ઝેલેન્સ્કીએ અમેરિકાના તે નવા પ્રતિબંધ કાનૂનનો પણ ઉલ્લેખ કર્યો, જેના હેઠળ રશિયન ઓઈલ અને ગેસ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા સુધી ટેરિફ લગાવવાની જોગવાઈ છે. ઝેલેન્સ્કીએ અન્ય દેશોને પણ આવી જ સખત આર્થિક પાબંદીઓ લગાવવાની અપીલ કરી જેથી મોસ્કોની આવકના સ્ત્રોતોને સંપૂર્ણપણે કાપી શકાય.

# ભારતના હવામાન તંત્રને આધુનિક બનાવવા ૧૦,૦૦૦ કરોડનું રોકાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪
ભારત સરકાર દેશના હવામાન આગાહી તંત્રને સંપૂર્ણપણે હાઈટેક અને આધુનિક બનાવવા માટે રૂ.૧૦,૦૦૦ કરોડના જંગી રોકાણની યોજના બનાવી રહી છે. એક અહેવાલ મુજબ, આ પગલાથી હાલમાં કાર્યરત મિશન મૌસમ યોજનાનો મોટા પાયે વિસ્તાર થશે. આ પ્રસ્તાવ હેઠળ નવા અત્યાધુનિક વેધર રડાર, સેટેલાઈટ્સ અને ખાસ પ્રશિક્ષિત મેનપાવર તૈનાત કરવા માટે મોટું ફંડ ફાળવવામાં આવશે. દેશમાં અનિશ્ચિત હવામાન પેટર્ન અને કુદરતી આફતોને કારણે વધી રહેલા સામાજિક તેમજ આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખીને આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાઈ રહ્યો છે.હાલ નાણાં મંત્રાલય દ્વારા આ પ્રસ્તાવની નાણાકીય સમીક્ષા કરવામાં આવી રહી છે. આ દરખાસ્તનો મુખ્ય ઉદ્દેશ્ય એવું ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો છે જે હવામાન આગાહીના મોડલ્સને વધુ મજબૂત બનાવે અને દેશભરમાં એક સચોટ અર્લી-વોર્નિંગ સિસ્ટમ સ્થાપિત કરે. આનાથી વહીવટી તંત્ર અને સામાન્ય નાગરિકો વાવાઝોડું, પૂર કે હીટવેવ જેવી અત્યંત ગંભીર હવામાન પરિસ્થિતિઓનું અગાઉથી ચોક્કસ અનુમાન લગાવી શકશે અને તેના નુકસાનને ઘટાડી શકશે.

ઉલ્લેખનીય છે કે એવિએશન, લેન્ડ લોજિસ્ટિક્સ, વીમા ક્ષેત્ર અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રો પોતાના બિઝનેસ મોડલ માટે હવામાનની સચોટ આગાહીઓ પર મોટા પાયે નિર્ભર છે. જાન્યુઆરી ૨૦૨૫માં દેશને આકરી હવામાન આપત્તિઓ સામે સજ્જ કરવા માટે મિશન મૌસમ શરૂ કરાયું હતું. લોન્ચ થયા બાદથી અત્યાર સુધી સરકારે આ મિશન પાછળ ?૧,૩૪૬ કરોડનો ખર્ચ કર્યો છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વધુ ?૧,૩૪૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. અચાનક થતો ભારે વરસાદ અને અતિશય ગરમીને લીધે સામાન્ય જનજીવન તેમજ આર્થિક ગતિવિધિઓ ખોરવાઈ રહી હોવાથી નિષ્ણાતો હવામાન આગાહી તંત્રના તાત્કાલિક આધુનિકીકરણ પર ભાર મૂકી રહ્યા છે.પુણે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મીટીયરોલોજી (IITM)ના પૂર્વ ડિરેક્ટર બી.એન. ગોસ્વામીએ જણાવ્યું કે આગાહીની ચોકસાઈ વધારવા માટે ઓબ્ઝર્વેશન નેટવર્કને વધુ ઘન બનાવવું, કમ્પ્યુટિંગ પાવરમાં સુધારો કરવો અને હાઈ-રિઝોલ્યુશન મોડલ્સ અપનાવવા અનિવાર્ય છે.

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

# ક્લેરોઈડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યંઆ

**સુરત, તા. ૨૪ :** ક્લેરોઈડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે (સીપીએલ) સેબી સમક્ષ તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે.સીપીએલ ગુજરાતમાં અમદાવાદ સ્થિત ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન્સના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે કાર્યરત કંપની છે.કંપની ટેબ્લેટ્સ, હાર્ડ જેલેટિન કેપ્સ્યુલ્સ અને ઓઈન્ટમેન્ટ્સ સહિતની જેનરિક ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સના ડેવલપમેન્ટ અને ઉત્પાદન સાથે સંકળાયેલી છે. કંપનીનું મુખ્ય ધ્યાન સેમી-રેગ્યુલેટેડ આંતરરાષ્ટ્રીય બજારોમાં, ખાસ કરીને આફ્રિકામાં, નિકાસ પર છે. આ આઈપીઓમાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ દ્વારા વધુમાં વધુ ૭૪,૫૦,૦૦૦ ઈક્વિટી શેર અને ઓફર ફોર સેલ દ્વારા વધુમાં વધુ ૫૧,૫૦,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. આમ, કુલ ઓફર વધુમાં વધુ ૧,૨૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેરની રહેશે. ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ કંપનીની હાલની જમીન પર ઈન્જેક્ટેબલ, એમ્પ્યુલ, વાયલ, ડ્રાય પાઉડર, પ્રી-ફિલ્ડ સિરીંજ અને આઈ ડ્રોપ પ્રોડક્ટ્સ માટે નવી મેન્યુફેક્ચરિંગ સુવિધા સ્થાપવા માટે જરૂરી મૂડી ખર્ચ માટે કરવામાં આવનાર છે.

# ઓક્ટોબરમાં૧૦૦% ઈથેનોલથી ચાલતી કાર આવશે :ગડકરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪
કેન્દ્રીય રોડ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમને ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે, જે આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવા જઈ રહી છે. ઈ૨૦ પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમણે ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનની વાત ફરી કરી હતી.દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે હાલ વિશ્વના ૧૯ દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવે આ ઈંધણ વાપરતા વાહનો તરફથી કોઈ ફરિયાદો પણ મળી રહી નથી. ટોયોટાનું આ નવું વાહન ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલશે અને તેમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે. રિપોર્ટ અનુસાર, આ વાહનને ચલાવવાનો ખર્ચ આશરે રૂ. ૨૫ પ્રતિ લીટર પેટ્રોલની કિંમત જેટલો જ બેસી શકે છે.ટોયોટાએ તેની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરના કોમર્શિયલ લોન્ચ અંગે અલગથી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ ઓટોમેકર કંપની છેલ્લા કેટલાક વર્ષોથી આ ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૩માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો. આ વાહનમાં ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન સાથે મજબૂત હાઈબ્રિડ ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન આપવામાં આવ્યું છે, જે ઈ૨૦થી વધુ ઈથેનોલ મિશ્રણ પર પણ કામ કરી શકે છે. કંપનીના જણાવ્યા અનુસાર, વિશિષ્ટ ટેસ્ટ કન્ડિશનમાં આ સ્ટ્રોંગ હાઈબ્રિડ સિસ્ટમ લગભગ ૬૦ ટકા સમય માટે પેટ્રોલ એન્જિન બંધ રાખીને અને લગભગ ૪૦ ટકા અંતર ઈલેક્ટ્રિફાઈડ મોડ પર કાપી શકે છે.

દિલ્હીના કાર્યક્રમમાં ગડકરીએ એવો પણ દાવો કર્યો હતો કે ઈથેનોલના વધુ ઉપયોગથી કૃષિ ક્ષેત્રની કાચી સામગ્રીની માંગમાં વધારો થશે. મકાઈમાંથી ઈથેનોલ બનાવવાના નિર્ણયથી ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને રૂ. ૪૫,૦૦૦ કરોડનો ફાયદો થયો છે. સરકારની નીતિ ઘરેલું ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાની હોવી જોઈએ. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા દાયકામાં સરકારે ઈથેનોલ ઉત્પાદન માટે શેરડી આધારિત ઉત્પાદનો, નુકસાન પામેલા અનાજ, મકાઈ અને વધારાના ચોખા જેવા વિવિધ વિકલ્પોનો વ્યાપ વધાર્યો છે.

# ભારતે પાંચમા દિવસે કરી શાનદાર શરૂઆત, બેક ટૂ બેક મેડલ જીત્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪ : આજે, ૨૪ સપ્ટેમ્બરના રોજ, એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતની શરૂઆત શાનદાર રહી. ભારતે અત્યાર સુધીમાં બે મેડલ જીત્યા છે. રોશીબીના દેવીએ વુશુમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ રોઈંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે, ભારતનો કુલ મેડલ આંકડો ૧૪ પર પહોંચી ગયો છે. અત્યાર સુધીમાં, ભારતે એશિયન ગેમ્સ ૨૦૨૬ માં એક ગોલ્ડ, છ સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

ભારતની સ્ટાર ફાઈટર રોશીબીના દેવીએ ભલે મહિલાઓની ૬૦ કિગ્રા વુશુ ઈવેન્ટની ફાઈનલમાં ગોલ્ડ મેડલથી ચૂકી ગઈ પરંતુ તેણે સિલ્વર મેડલ જીતીને ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કરી દીધું છે. એશિયન ગેમ્સમાં રોશીબીના દેવીનો આ સતત ત્રીજો મેડલ છે. અગાઉ, તેણીએ ૨૦૧૮ માં જકાર્તામાં બ્રોન્ઝ અને ૨૦૨૩ માં હાંગઝોઉમાં સિલ્વર જીત્યો હતો. આ નોંધપાત્ર સિદ્ધિ સાથે, રોશીબીના દેવી એશિયન ગેમ્સના ઈતિહાસમાં ત્રણ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વુશુ એથ્લીટ બની છે. ભારત માટે દિવસની શરૂઆત આનાથી સારી શું હોઇ શકે. ભારતે રોઈંગમાં મેડલ જીત્યો. ભારતીય જોડી સતનામ સિંહ અને સલમાન ખાને પુરુષોની ડબલ સ્કલ્સ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો. સતનામ અને સલમાન ખાને ૨,૦૦૦ મીટર દોડ ૬:૧૩.૨૫ સેકન્ડમાં પૂર્ણ કરી, ત્રીજા સ્થાને પોડિયમ ફિનિશિંગ મેળવ્યું.

૧૯૮ કિગ્રા (સ્નેચમાં ૮૭ કિગ્રા, ક્લીન એન્ડ જર્કમાં ૧૧૧ કિગ્રા) કુલ વજન ઉપાડીને, મીરાબાઈ ચાનુએ એશિયન ગેમ્સમાં પોતાનો પહેલો મેડલ જીત્યો, જે ઉત્તર કોરિયાના ત્રણ વખતના ગોલ્ડ મેડલ વિજેતા રી સોંગ ગમથી પાછળ રહી.

# અન્ય સમાચારો

Friday 25, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## ગણેશ વિસર્જન પૂર્વે બીલીમોરામાં પોલીસે ફ્લેગમાર્ચ કર્યુ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૨૪ :** ગણેશ વિસર્જનના પર્વને અનુલક્ષીને બીલીમોરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે બીલીમોરા પોલીસે ગુરુવારે સાંજે શહેરના વિવિધ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજી હતી. ફ્લેગમાર્ચ દરમિયાન પોલીસે નાગરિકોને શાંતિ, સંયમ અને શિસ્ત જાળવી ગણેશ વિસર્જન પર્વને ભાઈચારા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવવા અપીલ કરી હતી.

બીલીમોરા પોલીસ મથકના પીઆઈ એ.એસ. સરવૈયાની આગેવાની હેઠળ પોલીસ કાફલાએ શહેરના સ્ટેશન રોડ સહિતના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજી હતી. પોલીસની સજ્જ ટુકડીઓ સાથે યોજાયેલી ફ્લેગમાર્ચથી શહેરમાં પોલીસની સક્રિય હાજરીનો સંદેશો પહોંચ્યો હતો. ગણેશ વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને યાત્રા શાંતિપૂર્ણ રીતે પસાર થાય તે માટે પોલીસે જાહેર જનતાને કાયદાનું પાલન કરવા, ટ્રાફિક નિયમોનું પાલન કરવા તેમજ કોઈપણ પ્રકારની અફવા કે ઉશ્કેરણીથી દૂર રહેવા અપીલ કરી હતી. આજે શુક્રવારે યોજાનારી ગણેશ વિસર્જન યાત્રાને ધ્યાનમાં રાખીને બીલીમોરા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ડીવાયએસપી, પોલીસ ઈન્સ્પેક્ટર અને પીએસઆઈ સહિત આશરે ૧૫૦ પોલીસ જવાનોને વિવિધ સ્થળોએ તૈનાત કરવામાં આવશે. મુખ્ય વિસર્જન માર્ગો, સંવેદનશીલ વિસ્તારો તથા અંબિકા નદી બંદર ઓવારે ગણેશ પ્રતિમાઓના વિસર્જન વેળા પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવશે. ગણેશ વિસર્જન પૂર્વે યોજાયેલી ફ્લેગમાર્ચથી શહેરમાં શાંતિપૂર્ણ અને સલામત માહોલમાં વિસર્જન યાત્રા યોજાય તે માટે પોલીસ તંત્ર સજ્જ હોવાનું સ્પષ્ટ થયું છે.

## વાંસદામાં પણ પોલીસે ફુટ પેટ્રોલીંગ કર્યુ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૨૪ :** ગણપતિ વિસર્જનને લઈને વાંસદા પોલીસ દ્વારા નગરમાં ફૂટ માર્ચ યોજવામાં આવી હતી.

વાંસદા પોલીસ મથકથી શરૂ થયેલી ફૂટ માર્ચ નગરના મુખ્ય માર્ગો, બજાર વિસ્તાર, સંવેદનશીલ વિસ્તારો તેમજ વિસર્જનના સંભવિત રૂટ પરથી પસાર થઈ હતી. પોલીસ અધિકારીઓ અને જવાનોએ માર્ગ પરની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી ટ્રાફિકની સ્થિતિ, ભીડ નિયંત્રણ અને જાહેર સુરક્ષાને લગતી બાબતોની સમીક્ષા કરી હતી. વિસર્જન દરમિયાન મુખ્ય માર્ગો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ભીડવાળા વિસ્તારોમાં વધારાના પોલીસ જવાનો તૈનાત રહેશે, જ્યારે ટ્રાફિક વ્યવસ્થા માટે અલગ ટીમો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ ફલેગ માર્ચમાં વાંસદાનાં પી.આઈ. એમ.કે. ગોસ્વામી, પી.એસ.આઈ. એ.એન. આહિર, પી.એસ.આઈ. એ.એચ. પટેલ સહિત પોલીસ અધિકારીઓ અને જવાનો જોડાયા હતાં.

## બારોલીયાના મહિલા સરપંચ દંપતિને માર મારી ગાળો આપતાં બબાલ

### મહિલા સરપંચ અને નવસારી જી.પં.ની કારોબારી સભ્યની સામસામી ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા. ૨૪ :** ચીખલીના બારોલીયા ગામે મહિલા સરપંચ અને તેના પતિને માર મારી જાતિ વિષયક શબ્દો અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચાર સામે ફરિયાદ નોંધાવા પામી છે.

બારોલીયા ગામના મંદિર ફળિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બુધવારે સરપંચ પ્રિયંકાબેન અને તેનો પતિ અલ્પેશ મનુભાઈ પટેલ નાળાનું કામ કરાવી રહ્યા હતાં ત્યારે નવસારી જી.પં.ના કારોબારી અધ્યક્ષ અમીતાબેન અશ્વિનભાઈ પટેલ રહે. તલાવચોરા તથા જતીન ભાણા કુણબી, જીગ્નલ અલ્પેશ પટેલ તથા સુરેશ દેવા પટેલ ત્રણે રહે. બારોલીયા મંદિર ફળીયા તથા માર્ગ મકાન વિભાગના અધિકારીની હાજરીમાં ચાલુ કામ બંધ કરાવતા સરપંચે સવાલ પુછતા થયેલા ઝઘડામાં અમિતાબેન તથા જતીનભાઈ અને જીગ્નલ અને સુરેશભાઈ ઉગ્ર થઈ સરપંચને અને તેના પતિને જાતિ વિષયક ગાળો બોલી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી જતા રહેલા. સરપંચ પ્રિયંકાના પતિને કપાળના ભાગે ઈજા થતા ટાંકા લેવાની નોબત આવી છે. જ્યારે સરપંચને પણ સારવાર લેવાની જરૂર પડી છે.

સામા પક્ષે જતીન ભાણાભાઈએ પણ પ્રિયંકા અલ્પેશ અને અલ્પેશ મનુ પટેલ રહે. બારોલીયા તા. ચીખલી ની સામે ફરિયાદ કરી છે કે કામ બાબતે વાંધા અરજી આપી હતી અને બુધવારે અધિકારીઓ સાથે વિઝીટ કરવા ગયા હતા. ત્યારે સરપંચ અને તેના પતિએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય ચીખલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરાઈ છે.

TORRENT POWER | DNHDD

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

DNHDD PDCL, વિદ્યુત ભવન, ૬૬ કેવી રોડ, આમલી, સિલવાસા-૩૯૬૨૫૦.
મો. ૬૩૫૭૫૫૭૭૭૭, ઈ-મેઈલઃ consumerforumdnhdd@torrentpower.com

**DNH વિસ્તારના વીજ ગ્રાહકો માટે જાગૃતિ અભિયાન**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના ભારતના વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે અને જે ઉપરોક્ત સરનામે કાર્યરત છે.

આ ફોરમનું મુખ્ય કાર્ય DNHDD PDCLના વીજ ગ્રાહકોની તેમના વીજ સર્વિસ કનેક્શન સંબંધિત ફરિયાદો જેવી કે વીજ જોડાણ, વીજ બિલ તથા વીજ વિતરણ સીસ્ટમ અને વીજ ગ્રાહકોના જાનમાલની સેફટીની બાબતોને લગતી કોઈ પણ પ્રકારની ફરિયાદોનું વીજ કંપની દ્વારા તેમને સંબંધિત નિયમો અંતર્ગત ઉકેલ કે નિવારણ નિયત સમય મર્યાદામાં ન કરવામાં આવ્યું હોય અથવા તો વીજ ગ્રાહક આવા ઉકેલ / નિવારણથી સંતુષ્ટ ન હોય તો ઉપરોક્ત ફોરમ દ્વારા આવી ફરિયાદો બાબતે બન્ને પક્ષોને સાંભળીને ફરિયાદોનું તટસ્થ અને સચોટ નિવારણ કરવા માટે કાર્યરત છે.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, DNHDD PDCL દ્વારા, વીજ ગ્રાહકો માટે ફોરમ તથા કન્ઝ્યુમર રાઈટસની જાણકારી અને જાહેર સંપર્ક માટે નો ફોરમ દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન નીચે જણાવ્યા મુજબ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ પણ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા આપ સૌને આમંત્રણ છે.

સ્થળ : દાદરા ગ્રામ પંચાયત
તારીખ : ૨૯.૦૯.૨૦૨૬
સમય : સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાક

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME OLD NAME BIPIN G PATEL TO NEW NAME BIPIN DUBAR PATEL ADD. 203,PRAKASH FALIYA,DALWADA, NANI DAMAN 396210

## વાપી દેસાઈવાડના ગણપતિ મહોત્સવમાં નાણાંમંત્રીએ હાજરી આપી



**વાપી, તા.૨૪ :** વાપીના દેસાઈવાડ ખાતે છેલ્લા ૩૮ વર્ષથી શ્રી દેસાઈવાડ યુવા મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને અનંત ચૌદશના દિવસે અહીં સ્થાપિત કરાયેલી ગણપતિની પ્રતિમાનું ભારે ધૂમધામ સાથે વિસર્જન કરવામાં આવે છે જે ગણપતિ મંડપ ને અગાઉ ગુજરાત રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને આજે ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય અને ડાંગ જિલ્લા ભાજપના પ્રભારી સીલ્પેશભાઈ દેસાઈ દ્વારા ગણપતિ મંડપમાં પહોંચી બપ્પાના દર્શન સાથે આરતીનો લાભ લીધો હતો અને ગણપતિ બાપ્પા સૌને આશીર્વાદ વરસાવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમની સાથે શ્રી દેસાઈવાડ યુવા મિત્ર મંડળના યુવાનો તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વઘઈ રોડ પર શેરડી ભરેલી ટ્રક ખાબકી



**સાપુતારા, તા.૨૩ :** મહારાષ્ટ્રનાં નાસિક તરફથી શેરડીનો જથ્થો ભરી બારડોલી તરફ સુગર ફેક્ટરીમાં જઈ રહેલ ટ્રક ન. એમએચ ૧૫ ઈ.જી.૮૩૪૫ જે સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં ચીખલી ગામ નજીક ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ ટ્રક માર્ગનાં સાઈડનાં ખાડામાં ખાબકતા ઘટના સ્થળે અકસ્માત સર્જાયો હતો. જોકે આ બનાવમાં મોટી નુકસાની ટળી હતી. સાથે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## રોણવેલનાં સેવાસેતુ કાર્યક્રમમાં ૬૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો

**વલસાડ, તા. ૨૪ :** રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે એક જ સ્થળ પર જ મળી રહે તે માટે વલસાડ તાલુકાના રોણવેલ ગામમાં પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અંદાજે આસપાસના ગામોના કુલ ૬૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શક રીતે અને એક જ સ્થળેથી મળી રહે તેવા શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર આયોજિત સેવાસેતુ કાર્યક્રમ પૈકી વલસાડ તાલુકા રોણવેલ ગામમાં પ્રાથમિક શાળા ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં અનેક લોકોના રાશન કાર્ડમાં સુધારો, આધાર કાર્ડ અપડેટ, આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવા અને અપડેટ કરવા અને સોલાર કનેકશન સહિત વિવિધ યોજનાકીય લાભ લોકોએ મેળવ્યા હતાં. સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અનેક ગ્રામજનોને યોજનાના લાભ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ સેવાસેતુમાં ચણવઈ, બિનવાડા, રાબડા, જુજવા, પાથરી, અટકપારડી, વશીયર, ગાડરીયા, અંજલાવ, ભોમાપારડી અને રોણવેલ ગામના ૬૦ લોકોએ લાભ લીધો હતો.

## દમણમાં બે કોસ્ટ ગાર્ડ પાઈલટ્સે ચેતક ઓપરેશનલ કન્વર્ઝન કોર્સ પૂર્ણ કર્યો



**દમણ, તા.૨૪ :** ગુરુવારે ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન દમણ ખાતે ૨૦મા ચેતક ઓપરેશનલ કન્વર્ઝન કોર્સ (COCC-XX)નો સમાપન સમારોહ યોજાયો હતો. બે અધિકારીઓએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી. કમાન્ડિંગ ઓફિસર, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ આલોક નેગીએ યુવા પાઈલટ્સને અભિનંદન આપ્યા અને સેવાની ઉચ્ચ પરંપરાઓને જાળવી રાખવા માટે તેમને હાકલ કરી. તાલીમ દરમિયાન, પાઈલટ્સને શોધ અને બચાવ અને પ્રદૂષણ પ્રતિભાવ સહિત વિવિધ કોસ્ટ ગાર્ડ મિશન માટે જરૂરી ઓપરેશનલ ફ્લાઈંગ કુશળતા શીખવવામાં આવી હતી. બંને અધિકારીઓ હવે દેશભરમાં વિવિધ ચેતક સ્ક્વોડ્રનમાં તૈનાત

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : MAHEK SHALAM SHAIKH TO NEW NAME : MAHEK SHAHALAM SHAIKH, RESIDENT OF KHARIWAD, BESIDE KHOJA SOCIETY, AASHIYANA APPARTMENT, FLAT NO-05, 2ND FLOOR,SURVEY NO-549/5,NANI DAMAN,DAMAN,DAMAN AND DIU-396210.

## PUBLIC NOTICE

General Public to take notice that my client, BABLIBEN ANIL SINGH has informed me that She is absolute, Lawful, Owner of Plot No.06 adm.116.00 sq. bearing Survey No.114/3/6 under village a/c no.948 after promulgation changed in to the new survey no.2224 under new village a/c no.1048 along with ground floor and first floor construction of total 10 residential cement roof sheet rooms ie (1) Nagar Palika House No.1620 adm.5.85 sq.mtrs, (2) Nagar Palika House No.1621 adm.5.85 sq.mtrs, (3) Nagar Palika House No.1622 adm.5.85 sq.mtrs, (4) Nagar Palika House No.1623 adm.5.85 sq.mtrs, (5) Nagar Palika House No.1624 adm.5.85 sq.mtrs, (6) Nagar Palika House No.1625 adm.5.85 sq.mtrs, (7) Nagar Palika House No.1626 adm.5.85 sq.mtrs, (8) Nagar Palika House No.1627 adm.5.85 sq.mtrs, (9) Nagar Palika House No.1628 adm.5.85 sq.mtrs and (10) Nagar Palika House No.1629 adm.5.85 sq.mtrs having total construction adm.58.50 sq.mtrs of Village Umbergaon, Tal. Umbergaon, Dist Valsad. hereinafter referred to as "Said Plot"

WHEREAS owner herein state that he lost and misplace the Original Sale deed and Original registration receipts in respect of title documents executed between their predecessors in title and in his favour in respect of said Plot. Details thereof are as under:-

| Sr. No | Nature Of Document | Presentation Sr. No. and date | Vendor | Purchaser |
|---|---|---|---|---|
| 1. | Original Sale Deed and Original Registration Receipt | Registered Sale deed No. **979** Dated of Registration **04/04/2013** | Imtiyaz Shahjahan Shah and Afzal Chand Khan | Naushad Yasin Khokhar |
| 2. | Original Sale Deed and Original Registration Receipt | Registered Sale deed No. **1317** Dated of Registration **26/04/2012** | Mominaben Usmanbhai Tank | Imtiyaz Shahjahan Shah and Afzal Chand Khan |
| 3. | Original Sale Deed and Original Registration Receipt | Registered Sale deed No. **1849** Dated of Registration **03/10/2011** | Birbalbhai Pularambhai Sharma | Mominaben Usmanbhai Tank |
| 4. | Original Sale Deed and Original Registration Receipt | Registered Sale deed No. **1700** Dated of Registration **21/08/1991** | Rajendra Vijayraj Mehta, and Sobhaben Vijayraj Mehta | Birbalbhai Pularambhai Sharma |
| 5. | Original Registration Receipt | Registered Sale deed No. **1921** Dated of Registration **02/06/2017** | Naushad Yasin Khokhar | Samir Ansarali Chorasiya and Sahirali Ansarali Chorasiya |

AND WHEREAS Owner has further represented to me that Owner has made Several sincere efforts to trace out above mentioned Original registered sale deed and Original registration receipt. But Could not find out same despite making several sincere efforts to trace out same. Owner Further States that Owner has not Mortgaged Said Original Registered sale deed AND Said Original registration receipts with any bank or financial institution. If any person has Possession of Said Original Registered sale deed and Original Registration Receipt, they are requested to handover same within 7 (SEVEN) days from Publication of this notice to me at below mentioned address. If, said Original Sale deed and Original registration receipts or any claim or objection is not received by me within above stipulated Period, it Shall be Concluded that nobody has any right, Share or Concern of any nature in respect of said Original Sale deed and Original Registration receipts of Said Plot and Said Original Sale Deed and Original Receipts are permanently lost and destroyed.

**Place : Vapi**
**Date : 23/09/2026**

**NAGMA a. SHAIKH**
**(Advocate)**
**Office : 233, Girnar Khushboo Plaza Near Reliance Mall GIDC, Vapi, Ta. Vapi, Dist. Valsad**
**Mo. 7575842605**

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

**ટેરેસ ગળે છે ??**
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond | dinesh SUITING | Siyaram's | DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM | NIRVAN SHIRTINGS | ICON ashima LUXURY FABRICS | Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



દમણગંગા ટાઇમ્સ


સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Friday 25, September 2026

# દમણગંગા ટાઇમ્સ



જય ઠાકર ગૃપ યુવા સેના, વાપી



બંદર રોડના રાજા, વલસાડ

## ડુંગરામાં વૃદ્ધાને લૂંટનાર બે આરોપી ઝડપાયા : રૂા.૬.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** ડુંગરા પોલીસ મથક હદના ડુંગરી ફળિયા, કોળીવાડ ખાતે વહેલી સવારે ૭૫ વર્ષીય વૃદ્ધાને નિશાન બનાવી રૂ.૬.૨૫ લાખના સોનાના દાગીના લૂંટી ફરાર થયેલા બે આરોપીઓને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી લૂંટના દાગીના સહિત કુલ રૂ.૬,૯૮,૪૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ ૨૩ સપ્ટેમ્બરની વહેલી સવારે ફરિયાદી મહેશ પટેલની માતા નાનીબેન ઘર પાછળના ક્યારામાં નહાવાનું પાણી ગરમ કરતા હતા ત્યારે બે અજાણ્યા શખ્સોએ પાછળથી મોં દબાવી બંધક બનાવ્યા હતા. આરોપીઓએ વૃદ્ધાના કાનમાં પહેરેલી શેરવાળી સોનાની બુટ્ટી જોરથી ખેંચી લેતા બંને કાનમાં ઈજા થઈ હતી. ત્યારબાદ હાથની સોનાની બંગડી અને ચેન મળી કુલ આશરે રૂ.૬.૨૫ લાખના દાગીના લૂંટી બંને ફરાર થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ડી વાય એસપી બી.એન. દવે, એલસીબી પીઆઇ એ.યુ. રોઝ અને ડુંગરા પીઆઇ બી.એન. ગોહીલના નેતૃત્વમાં ટીમો બનાવાઈ હતી. પોલીસે ઘટનાસ્થળ આસપાસના CCTV ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી તપાસ આગળ ધપાવી હતી. ખાનગી બાતમીના આધારે પોલીસે રાજેશ અશોકભાઈ શુકલા, ઉં.૪૫, રહે. વાઘધરા, સેલવાસ, મૂળ બનારસ, ઉત્તર પ્રદેશ અને વિજયકુમાર બાંસદેવ પાલ, ઉં.૨૧, રહે. મોટી સુલપડ, વાપી, મૂળ પ્રયાગરાજને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં બંનેએ ગુનાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે બંને પાસેથી બે સોનાની બંગડી, બે કાનની બુટ્ટી, એક સોનાની ચેન કિં. રૂ.૫.૭૬ લાખ, રૂ.૨,૧૬૦ રોકડા, બે મોબાઈલ અને ગુનામાં વપરાયેલી ઓટોરિક્ષા નં. GJ-15-AW-7921 મળી કુલ રૂ.૬,૯૮,૪૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે ડુંગરા પોલીસે ઞ્ફ૯ કલમ ૩૦૯(૪), ૩૦૯(૬) અને ૩(૫) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## પારડીથી કેબલ ચોરીના બે ઈસમ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પારડી પોલીસે વાયર ચોરી અને અન્ય શંકાસ્પદ મુદ્દામાલ સાથે બે ઈસમોની અટકાયત કરી હતી પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર પારડી પોલીસ મથકના પી.આઈ વાય બી ગોહિલ ના માર્ગદર્શન હેઠળ ની પેટ્રોલિંગ માં હતી દરમિયાન શંકાસ્પદ ઈસમો મોપેડ પર જતા હતા. ત્યારે તેઓ પાસે રહેલ વાયરો અંગે પૂછપરછ કરતા આ વાયર ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાની શંકાના આધારે વિવેક ધનસુખ પટેલ રહે. સોનવાડા ગામ, તા. પારડી અને રિતેશ પ્રકાશભાઈ મહ્યાવંશી રહે. નાના વાઘછીપા, તા. પારડી ને ઝડપી પાડ્યા હતા. અને પોલીસે એલ્યુમીનિયમના વીજળીના તારના ગુંચળા જેની કિંમત આશરે ૧૨ હજાર, મોપેડ, મોબાઈલ, રોકડ, પકડ સહીત કુલ રૂ. ૭૨,૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## તામછડીમાં નેટવર્કના અભાવે યુવક સર્પદંશનો ભોગ બન્યો

### અનાજની કુપન કાઢવા નેટવર્ક માટે ડુંગર પર ચઢેલા યુવકને સાપ કરડ્યો : ધરમપુર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૪ :** ધરમપુરના અંતરિયાળ તામછડી ગામમાં અનાજના કુપન કાઢવા માટે નેટવર્ક મેળવવા આશરે ૭ કિલોમીટર દૂર ડુંગર વિસ્તારમાં ગયેલા યુવકને સાપે ડંખ મારવાની ઘટના સામે આવી છે.

તામછડી સહિતના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કની સ્થિતિ નબળી હોવાથી ગ્રામજનોને સરકારી સેવાઓ તથા અનાજના કુપન જેવી જરૂરી કામગીરી માટે નેટવર્ક મેળવવા ડુંગર વિસ્તાર સુધી જવું પડે છે. પેણધા ગામના અનિલભાઈ બરફ પણ કુપન કાઢવા માટે ધામણી મંદિર નજીક ફોરેસ્ટ વિભાગની ઝૂંપડી પાસે આવેલા ડુંગર વિસ્તારમાં ગયા હતા. અનિલભાઈ કુપન કાઢવાની કામગીરી કરી રહ્યા હતા ત્યારે અચાનક સાપે તેમને ડંખ મારતાં સાથી મિત્રોએ ૧૦૮ને જાણ કરી સારવાર માટે ધરમપુરની સરકારી સ્ટેટ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

આ વિસ્તારના સામાજિક કાર્યકર વિનય બારિયા તેમજ સ્થાનિકોએ જણાવ્યા મુજબ, નેટવર્કની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગામના સરપંચો, આગેવાનો અને તાલુકા પંચાયતના સભ્યો દ્વારા અગાઉ પ્રાંત અધિકારી, કલેક્ટર સહિતના અધિકારીઓને રજૂઆતો તથા આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં હજુ સુધી મોબાઈલ ટાવરની રેન્જમાં જરૂરી સુધારો ન થતાં સમસ્યા યથાવત છે.

## કપરાડાના વાવરમાં વીજ કરંટથી બે કામદારોનાં મોત, એક ઈજાગ્રસ્ત

(દમણગંગા ટાઈમ્સ -તિનિધિ)

**ચીવલ, તા. ૨૪ :** કપરાડા તાલુકાના વાવર ગામે વીજકરંટ લાગવાની ઘટનામાં બે કામદારોનાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.



વાવર ગામે વીજપોલ ઊભો કરવાની કામગીરી દરમિયાન અચાનક વીજકરંટ લાગતાં સુરેશભાઈ કુસનાભાઈ પવાર (ઉં. ૪૫), રહે. વાવર-રીઠમાળ અને સાગરભાઈ આંબાદાસભાઈ સરનાયક (ઉં. ૩૦), રહે. વાવર-ઘરટાપાડાને ગંભીર અસર થઈ હતી. બંનેને તાત્કાલિક સુથારપાડા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબી તપાસ બાદ બંનેને મૃત જાહેર કરાયા હતા.

અકસ્માતમાં હેમેશભાઈ ભાવુરામભાઈ સરનાયક ઈજાગ્રસ્ત થયા હતા. તેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ધરમપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. વીજ કંપનીના ડેપ્યુટી ઈજનેર એસ. આર. પટેલે જણાવ્યું હતું કે, ક્ક્કામદારો જાતે વીજપોલ ઊભો કરી રહ્યા હતા. અત્રેની કચેરી તરફથી કોઈ કામ સોંપવામાં આવ્યું નહોતું કે કોઈને કામગીરી માટે મોકલવામાં આવ્યા નહોતા. સમગ્ર ઘટનાની તપાસ હાલ ચાલુ છે.

### લગ્નની લાલચ આપી યુવતીનું અપહરણ કરી હત્યા કેસમાં યુપી કોર્ટનો આદેશ

## વલસાડમાં યુપીના પીએસઆઈ સહિત ચાર સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા.૨૪ :** ઉત્તર પ્રદેશના ગોરખપુરથી એક યુવતીને લગ્નની લાલચ આપી ભગાડી ગયા બાદ વલસાડ લાવી તેની હત્યા કરી નાખવાના ચકચારી કેસમાં કોર્ટના આદેશ બાદ અંતે વલસાડ સિટી પોલીસ મથકે મુખ્ય આરોપી સહિત ચાર પરિવારજનો તેમજ તપાસમાં બેદરકારી દાખવનાર એક પી. એસ. આઈ. સામે હત્યા, અપહરણ અને એટ્રોસિટી એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

યુપીના બડહલગંજ થાણા વિસ્તારના પારસિયા તિવારી રહીશ હરિકેશ અભિરાજની પુત્રી ગુંજાને તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ આરોપી સની હરિલાલ જયસ્વાલ લગ્નની લાલચે ભગાડી ગયો હતો. આ અંગે પરિવારજનોએ સ્થાનિક બડહલગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ધક્કા ખાધા હોવા છતાં, પોલીસે આરોપીઓ સાથે સાંઠગાંઠ કરી માત્ર નામપૂરતી ફરિયાદ નોંધી કોઈ કડક પગલાં લીધા નહોતા. દરમ્યાન યુવતીએ ફોન પર પોતાના પિતાને આરોપીઓ દ્વારા મારપીટ કરાતી હોવાની અને જાનથી મારી નાખવાની ધમકી અપાતી હોવાની જાણ કરી મદદ માંગી હતી. ગત તા. ૨૭/૧૦/૨૦૨૫ના રોજ યુવતીની હત્યા કરી દેવામાં આવી હોવાની જાણ પિતાને થઈ હતી. આ બનાવ વલસાડ ખાતે બન્યો હોવાથી પિતા દોડી આવ્યા હતા, જ્યાં ભાષા ન જાણતા હોવાનો ગેરલાભ ઉઠાવી પોલીસે તેમની સહીઓ કરાવી યુવતીના મૃતદેહના અંતિમ સંસ્કાર કરાવી દીધાનો પિતાએ આક્ષેપ કર્યા હતાં. કોઈ સાંભળવામાં ન આવતા આખરે પીડિત પિતાએ ગોરખપુર સેશન્સ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતાં. કોર્ટે આ ગંભીર બાબતની નોંધ લઈ તાત્કાલિક એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ મુજબ વલસાડ સિટી પોલીસે સની હરિલાલ જયસ્વાલ, હરિલાલ રામનાથ જયસ્વાલ, દ્રૌપદી હરિલાલ જયસ્વાલ, સત્યમ હરિલાલ જયસ્વાલ તેમજ ગોરખપુરના તત્કાલીન તપાસ અધિકારી પ્રિતેશ તિવારી વિરુદ્ધ હત્યા અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ચકચારી કેસની વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક ને સોંપવામાં આવી છે.

## ચલા ફોર્ચ્યુન સ્ક્વેરના બેઝમેન્ટમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** ચલા રોડ પર સીનેપાર્ક થિયેટર ધરાવતા ફોર્ચ્યુન સ્કવેર બિલ્ડિંગના બેઝમેન્ટમાં આજે સાંજે ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. બેઝમેન્ટમાં પાર્ક કરેલી ૪થી વધુ બાઈકો આગની ઝપેટમાં આવી બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ બેઝમેન્ટમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક વાપી મનપાના ફાયર વિભાગને જાણ કરી હતી. ત્રણ ફાયર વાહનો સાથે પહોંચેલી ટીમે ૩૦ મિનિટની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

બેઝમેન્ટમાં મોટી સંખ્યામાં વાહનો પાર્ક હોવાથી આગ ઝડપથી પ્રસરવાની ભીતિ હતી.આગનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. શોર્ટ સર્કિટ કે અન્ય કારણ અંગે તપાસ હાથ ધરાશે.

### પેટ્રોલપંપ પર ભેળસેળનો આક્ષેપ કરી વીડિયો વાયરલની ધમકી

## વાપીની કથિત મહિલા પત્રકાર સહિત બે સામે ખંડણી માંગ્યાની ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** વાપી જીઆઈડીસી ચાર રસ્તા પાસે આવેલા હિન્દુસ્તાન પેટ્રોલિયમના પંપના આસિસ્ટન્ટ મેનેજર વિનોદભાઈ કેતુરભાઈ ધોડીયા પટેલે પત્રકાર હોવાનો દાવો કરતી મહિલા અને તેના સાથી વિરુદ્ધ ખંડણી અને બદનામ કરવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તા. ૨૨/૦૯ના રોજ સવારે આશરે ૭:૩૦ વાગે મનોજ રાવલ નામનો શખ્સ પ્લાસ્ટિકની બોટલમાં પાણી મિશ્રિત પ્રવાહી લઈ પંપ પર આવ્યો હતો અને પેટ્રોલમાં ભેળસેળ થતી હોવાનો આક્ષેપ કર્યો હતો. સ્ટાફે તેને અન્ય નોઝલ પરથી કાચના જારમાં પેટ્રોલ કાઢી બતાવતા પેટ્રોલ ચોખ્ખું જણાયું હતું. છતાં તેણે હું મીડિયાને બોલાવું છું, તમને જોઈ લઈશ કહી ધમકી આપી ફોન કરવા લાગ્યો હતો.

થોડીવારમાં સફેદ કલરની ક્વીડ કાર નં. DD-03-M-0552માં ડેરા મીડિયા વાપીના સોનિયાબેન ચૌહાણ આવ્યા હતા. આરોપ છે કે તેમણે પરવાનગી વિના પંપ પર વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીના જણાવ્યા મુજબ, બંનેએ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી પુરવઠા વિભાગમાં મોકલી પંપ બંધ કરાવવાની ધમકી આપી હતી.

વીડિયો વાયરલ ન કરવા માટે પૈસા આપવા પડશે, નહીં તો પોલીસ અને પુરવઠામાં ફરિયાદ કરી આજીવન જેલમાં પુરાવવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ છે. પૈસા આપવાની ના પાડતા ૧૧૨ પર ફોન કરી ખોટી અરજી અપાઈ હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આહવાનાં સનસેટ પોઈન્ટ તળાવમાં ન્હાવા પડેલા યુવકનું ડૂબતા મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૪ :** આહવાના ડુંગરી ફળિયામાં રહેતા ગોટુ દેવરામ ચૌધરી નામના યુવક નશાની હાલતમાં સનસેટ પોઈન્ટ નજીક આવેલા તળાવ પાસે કપડા ધોવા માટે ગયા હતા. કપડા ધોતી વખતે તેઓ તળાવના પાણીમાં ન્હાવા માટે પડ્યા હતા, પરંતુ નશાની હાલત હોવાથી અને પાણીના ઊંડાણનો અંદાજ ન રહેતા તેઓ તળાવમાં ગરકાવ થઈ ગયા હતા અને ડૂબી જવાથી તેમનું સ્થળ પર જ નીપજ્યુ હતુ.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતકના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. જોકે, આ દુ:ખદ ઘડીમાં પરિવારજનોએ પોલીસ સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ કોઈ કાનૂની કાર્યવાહી કે શવ પરીક્ષણ (પોસ્ટમોર્ટમ) કરાવવા માંગતા નથી અને પોતાની ધાર્મિક પરંપરા મુજબ આપમેળે જ મૃતકની વિધિ કરવા ઈચ્છે છે. પરિવારની આ નિવેદન અને વિનંતીને ધ્યાને રાખીને પીએમ કરાવ્યા વિના જ પરિવારે મૃતક યુવકના દેહની અંતિમ વિધિ પૂર્ણ કરી હતી.

### મરીન ટ્રેનિંગ સેન્ટર માટે ૪ કરોડની લોન અપાવવાના બહાને

## વલસાડમાં દંપતિ સામે ૧૬.૨૫ લાખની છેતરપિંડીની ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** મરીન ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે બેંકમાંથી રૂ. ૪ કરોડની લોન ઝડપથી મંજૂર કરાવી આપવાના બહાને એક યુવક પાસેથી કટકે કટકે રૂ. ૧૬.૨૫ લાખ પડાવી લઈ લોન ન કરાવી છેતરપિંડી મામલે ભોગ બનનાર યુવકે વલસાડના અનાવિલ દંપત્તિ વિરુદ્ધ વલસાડ પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વલસાડ તાલુકાના કોસંબા ગામે નવરંગ સ્ટ્રીટમાં રહેતા અને મરીન સર્વિસ શિપમાં નોકરી કરતા નેલસન વિશ્રામભાઈ વટીવાલાને વશીયર માં મરીન ટ્રેનિંગ સેન્ટરનો પ્રોજેક્ટ શરૂ કરવો હોવાથી રૂ. ૪ કરોડની લોનની જરૂરિયાત હતી. આ દરમિયાન તેમના એક મિત્ર મારફતે મુલ્લાવાડી, આનંદ નગર સોસાયટી માં રહેતા દેવાંગ મહેશભાઈ દેસાઈ સાથે તેમનો સંપર્ક થયો હતો. દેવાંગ દેસાઈએ ૪૫ દિવસમાં બેંકમાંથી લોન મંજૂર કરાવી આપવાની ખાતરી આપી પ્રોસેસિંગ ફી પેટે નાણાંની માંગણી કરી હતી.

નેલસનભાઈએ પોતાની બચતમાંથી અલગ અલગ સમયે દેવાંગ દેસાઈને રોકડા રૂ. ૧૬ લાખ આપ્યા હતા. ત્યારબાદ વધુ નાણાંની માંગણી થતાં નેલસનભાઈએ દેવાંગ દેસાઈની પત્ની તૃપ્તિબેન દેસાઈના મોબાઈલ નંબર પર ગૂગલ પે મારફતે રૂ. ૨૫,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આમ, દંપતીએ કુલ રૂ. ૧૬,૨૫,૦૦૦ મેળવી લીધા હતા.

નિશ્ચિત સમય વીતી જવા છતાં લોન મંજૂર ન થતાં અને દેવાંગ દેસાઈ વાયદાઓ કરી ગલ્લાંતલ્લાં કરવા લાગતા નેલસનભાઈને શંકા ગઈ હતી. જ્યારે તેમણે પોતાની રકમ પરત માંગી ત્યારે પણ માત્ર આશ્વાસનો આપવામાં આવ્યા હતા. લોન મેળવવા માટે કોઈ કાયદેસર કાર્યવાહી કે દસ્તાવેજી પ્રોસેસ પણ કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું હતું. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં નેલસનભાઈએ દેવાંગ મહેશભાઈ દેસાઈ તથા તેની પત્ની તૃપ્તિબેન દેસાઈ તમામ રહે મુલ્લાવાડી વલસાડ સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડમાં રહેણાંક મિલકતોના કોમર્શિયલ ઉપયોગ સામે કડક કાર્યવાહીની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૪ :** રહેણાંક વિસ્તાર કે રહેણાંક હેતુ માટે મંજૂર થયેલી મિલકતોનો અનધિકૃત રીતે કોમર્શિયલ હેતુ માટે થતા ઉપયોગ સામે સુપ્રીમ કોર્ટે આપેલા કડક આદેશના પગલે વલસાડમાં પણ હિલચાલ તેજ બની છે. સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો મુજબ આવી ગેરકાયદે મિલકતો સીલ કરવાના આદેશના સંદર્ભે વલસાડ નગરપાલિકાના કાયદા સમિતિના અધ્યક્ષ નિતેશ એમ. વશી દ્વારા ચીફ ઓફિસર તથા પ્રમુખને લેખિત પત્ર પાઠવી તાકીદે કાયદેસર પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે.

વલસાડ નગરપાલિકા વિસ્તાર સહિત અબ્રામા-મોગરાવાડી જેવા નવા વિકસતા વિસ્તારોમાં ખેતીની જમીન પર કોઈપણ પ્રકારની એન.એ. પરવાનગી લીધા વિના દુકાનો, ગોડાઉન, ઓફિસો, શોરૂમ, હોટલ અને વર્કશોપ જેવી કોમર્શિયલ પ્રવૃત્તિઓ ધમધમી રહી છે.આ ઉપરાંત, અનેક મિલકતોમાં રહેણાંક બાંધકામની પરવાનગી મેળવી તેના ગ્રાઉન્ડ ફ્લોર કે આખી મિલકત પર કાયદા વિરુદ્ધ ક્લિનિક, ઓફિસ કે ગોડાઉન ખોલી દેવામાં આવ્યા છે.

રજૂઆતમાં ગંભીર મુદ્દાઓ ઉપસ્થિત કરતા જણાવાયું છે કે, ઘણી મિલકતો પાસે બાંધકામ પરવાનગી કે બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ ન હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદે આકારણી કરી દેવામાં આવી છે. વાસ્તવિક ઉપયોગ કોમર્શિયલ હોવા છતાં રહેણાંક મુજબ ટેક્સ લેવાતા પાલિકાની તિજોરીને ભારે આર્થિક નુકસાન થઈ રહ્યું છે। તેમજ ફાયર એનઓસી, ટ્રેડ લાઈસન્સ અને પૂરતા પાર્કિંગ વગર ચાલતી આવી વ્યાપારી પ્રવૃત્તિઓને લીધે જાહેર રસ્તાઓ પર ટ્રાફિક જામ, પાર્કિંગની સમસ્યા, ઘોંઘાટ અને ડ્રેનેજ-સફાઈના ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

આગામી સામાન્ય સભામાં ડિટેલ રિપોર્ટ રજૂ કરવા માંગ કરવામાં આવશે તેવી શક્યતા છે.

## નવસારીમાં સગીરાને ઠપકો આપતાં ટ્રેનમાં બેસી વલસાડ પહોંચી

**વલસાડ, તા.૨૪ :** માતા-પિતાએ મોબાઈલ ફોન પર વધુ પડતી વાતચીત કરવા બાબતે ઠપકો આપતાં નારાજ થયેલી નવસારીની ૧૪ વર્ષીય સગીરા ઘર છોડી ટ્રેનમાં બેસી વલસાડ પહોંચી ગઈ હતી. જોકે, સ્થાનિક સાઈબાબા મંદિરના સંચાલકની સમયસૂચકતા અને વલસાડ પોલીસની ત્વરિત કાર્યવાહીના પગલે સગીરા હેમખેમ પરિવારને પરત સોંપાઈ હતી.

## દમણથી અમદાવાદ લઈ જવાતો રૂા.૩૨.૬૩ લાખનો દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** દમણ ખાતેથી મારુતી સુઝુકી અર્ટિગા કારમાં ચોરી છૂપીથી વિદેશી દારૂનો જથ્થો અમદાવાદ તરફ લઈ જવાતો હોવાની બાતમીના આધારે વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે કુલ રૂ.૩૨,૬૩,૨૮૦ ના વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે તા.પારડીના દેવાડા ગામ, રોયલ પાર્ક આશિષવાન હોટલ પાછળથી સફેદ કલરની અર્ટિગા કાર નં. GJ-01-KZ-3364 ને અટકાવી તપાસ કરાઈ હતી. કારની સીટો નીચે બનાવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કી/બીયરના ૭૮૦ ટીન-બાટલીઓ (૨૮૯.૫૨૦ લીટર) મળી આવ્યા હતા. પોલીસે કાર કિં.રૂ.૮ લાખ, દારૂ કિં.રૂ.૩૨,૬૩,૨૮૦ અને મોબાઈલ મળી કુલ રૂ.૪૦,૬૮,૨૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી ચાલક રમેશ શાંતિલાલ કટારા, રહે. ઉદયપુર, રાજસ્થાનની ધરપકડ કરી છે. આ અંગે પારડી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**